


પાવનમૂર્તિ પૂજ્ય ગુરુદેવનાં પવિત્ર જીવન અને ઉપદેશને દૃષ્ટિ સમક્ષ રાખીને, આપણે તેઓશ્રીએ ચીંધેલા માર્ગે ચાલીએ, તેઓશ્રીની ગેરહાજરીમાં પણ પુરુષાર્થ વધારતા જઈએ—એ જ કર્તવ્ય છે.

—પૂજ્ય બહેનશ્રી

કહાન સંવત-૬ (૫૧૪) ✻ આત્મધર્મ ✻ ( અંક : ૨ વર્ષ : ૪૩ ) વીર સં. ૨૫૧૨ ઓગસ્ટ, ૧૯૮૬



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

* જેવા સિદ્ધ આત્માઓ છે તેવા ભવલીન (સંસારી) જીવો છે. જેથી (તે સંસારી જીવો સિદ્ધાત્માઓની માફક) જન્મ-જરા-મરણથી રહિત અને આઠ ગુણોથી અલંકૃત છે.

(શ્રી કુંદકુંદ આચાર્ય, નિયમસાર-શુદ્ધભાવ અધિકાર, ગાથા-૪૭)

* હે જીવ! હું અકિંચન છું અર્થાત્ મારું કાંઈ પણ નથી એવી સમ્યક્ ભાવના પૂર્વક તું નિરંતર રહે, કારણ કે એ જ ભાવનાના સતત ચિંતવનથી તું ત્રૈલોકયનો સ્વામી થઈશ. આ વાત માત્ર યોગીશ્વરો જ જાણે છે. એ યોગીશ્વરોને ગમ્ય એવું પરમાત્મતત્ત્વનું રહસ્ય મેં તને સંક્ષેપમાં કહ્યું.

(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૧૦)

* હે જિનેન્દ્ર પ્રભો! શ્રી વીર ભગવાને (અથવા વીરનંદી ગુરુએ) પ્રસન્ન ચિત્ત થઈને ઉચ્ચપદ (મોક્ષ)ની પ્રાપ્તિ માટે મારા ચિત્તમાં ઉત્તમ ઉપદેશની જમાવટ કરી છે તે ઉપદેશ પાસે ક્ષણમાત્રમાં વિનાશી એવું પૃથ્વીનું રાજ્ય મને પ્રિય નથી એ વાત તો દૂર રહી, પરન્તુ તે ઉપદેશ પાસે ત્રણલોકનું રાજ્ય પણ પ્રિય નથી.

(શ્રી પદ્મનંદી આચાર્ય, આલોચના-અધિકાર, શ્લોક-૩૨)

* મુમુક્ષુએ તત્ત્વમાં કયાંય પણ આગ્રહ રાખવો ન જોઈએ કારણ કે જે સમસ્ત આગ્રહોથી-એકાંત અભિનિવેશોથી રહિત છે તે જ નિર્વાણને સાધે છે.

(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસારપ્રાભૃત-ચૂલિકા અધિકાર, શ્લોક-૩૨)

* શુદ્ધ ચૈતન્યમાં જેમનું ચિત્ત રક્ત છે એવા સંતોના ચરણ વડે સ્પર્શાયેલી ભૂમિ તીર્થપણાને પામે છે. તેમના નામથી પાપનો સંચય ક્ષય થાય છે અને દેવોનો સમૂહ દાસપણાને પામે છે.

(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન તરંગિણી-અધ્યાય ૨ જો, શ્લોક-૨૨)

# ધર્મની શોભા : પૂજ્ય બહેનશ્રી

શ્રાવણ વદ બીજ

" કાળ અનાદિ છે, જીવ અનાદિ છે, ભવસાગર પણ અનાદિ-અનંત છે પણ અનાદિકાળના ભવભ્રમણમાં જીવને જિનવરસ્વામી અને સમ્યક્ત્વ એ બે મળ્યા નથી. "

—શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.-૨, ગાથા-૧૪૩.

અનંત અનંત કાળના ભવભ્રમણમાં જે અત્યંત અત્યંત મહાદુર્લભ છે એવું સમ્યક્ત્વ જેમણે બહુ નાની ઉંમરે—૧૮ વર્ષની ઉંમરે તીવ્ર ને કરડો પુરુષાર્થ કરીને પ્રાપ્ત કર્યું છે, જેમના અપ્રતિહત સમ્યક્ત્વની મહિમા, સમ્યક્ત્વધારી, સમ્યક્ત્વના માર્ગદર્શક કૃપાળુ પૂજ્ય ગુરુદેવ પાસેથી અનેકવાર સાંભળવા ને સમજવાનો અપૂર્વ લાભ મળ્યો છે તે પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીની મંગલવર્ધિની ઉપસ્થિતિમાં જ તેઓશ્રીની ૭૩ મી જન્મજયંતી અત્યંત આનંદોલ્લાસ પૂર્વક ઉજવવાનો—તે વડે તેમના આશીર્વાદથી અત્યંત દુર્લભ એવું સમ્યક્ત્વ પામવાની ભાવના તીવ્રતર બનાવવાનો—આજે જે સુ-અવસર સાંપડ્યો તે પાત્ર જીવોનું મહાન સૌભાગ્ય છે.

વર્ષો પહેલાં શ્રીમદ્ રાજચંદ્રના સમાધિ-દિન પ્રસંગે રાજકોટમાં પરમ તારણહાર કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીએ સમ્યક્ત્વનો મહિમા બહુ સ્પષ્ટપણે સમજાવતાં કહ્યું હતું કે જે વિષ્ટા ઉપર સમ્યગ્દષ્ટિ બળદની ખરી (પગ) પડે તે વિષ્ટા પણ ધન્ય છે! અહો! સમ્યક્ત્વના પ્રતાપે વિષ્ટા પણ ધન્યતાને પામે, તો એ સમ્યક્ત્વ કેટલું ઉત્કૃષ્ટ મહિમાવંત હશે! એવા સમ્યક્ત્વધારી ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીની જન્મજયંતી ઉજવવાનું સૌભાગ્ય આવા કળીકાળમાં મુમુક્ષુસમાજને પ્રાપ્ત થવું તે પણ એક ધન્ય અવસર છે.

સમ્યક્ત્વની દુર્લભતાની પરાકાષ્ટા તો શ્રી યોગીન્દ્રદેવના શબ્દોથી બહુ સ્પષ્ટ સમજાય છે. કેમ કે અનંતવાર સમવસરણમાં જઈ આવ્યો હોવા છતાં સમ્યક્ત્વ ન પામ્યો. તેથી જ્યાં સુધી સમ્યક્ત્વ ન પામે ત્યાં સુધી જિનવરસ્વામી પણ પામ્યો નથી એમ કહીને સમ્યક્ત્વની અત્યંત દુર્લભતા સમજાવી છે.

સમ્યક્ત્વધારી ધર્માત્મા પ્રત્યેની અત્યંત ભક્તિ–બહુમાન–આદરભાવ પાત્ર જીવને સમ્યક્ત્વ–પ્રાપ્તિના માર્ગે પ્રયાણ કરવામાં પ્રબળ પ્રેરક હોવાથી, સમ્યક્ત્વધારી ધર્માત્માના જન્મજયંતી આદિ પ્રસંગો અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવવાની ભાવના એ ખરેખર તો પાત્ર જીવોની સમ્યક્ત્વ–પ્રાપ્તિની ઝંખનાને પ્રબળ કરતો એક પ્રસંગ છે. અને તેથી જ સમ્યક્ત્વ–પ્રાપ્તિની ઝંખનાવાળા જીવોને સમ્યક્ત્વધારી ધર્માત્માઓની ભક્તિ–બહુમાનના પ્રસંગે હૃદયમાં ઉમંગ સમાતો નથી, ઊછળી આવે છે.

જેમ ચોથા આરામાં અત્યંત રૂપ-ગુણ-સંપન્ન રાજકન્યાના પાણિગ્રહણ માટે દેશ-વિદેશમાંથી આવેલા હજારો રાજકુમારોમાંથી કોઈ એકને જ એ રાજકન્યા પ્રાપ્ત થતી હતી, તે રીતે અનંતા ભવ્ય જીવોમાંથી જે જીવો અત્યંત નિકટભવ્ય હોય છે તેને જ એ સમ્યક્ત્વ પ્રગટ થાય છે. તેથી એવા અત્યંત દુર્લભ સમ્યક્ત્વની જેને પ્રબળ મહિમા વર્તે છે તેવા જીવોને સમ્યક્ત્વધારી ધર્માત્માઓ પ્રત્યે અત્યંત ભક્તિભાવ વર્તવો સહજ હોય છે.

જે નરકની ભીષણ વેદના માત્ર કેવળી જાણે ને નારકી વેદે, કોઈ કહી શકવા સમર્થ નથી એવા નરકનો વાસ પણ સમ્યક્ત્વ સહિત ભલો છે ને સમ્યક્ત્વ રહિત સ્વર્ગનો વાસ પણ બૂરો છે —એમ કહીને એ સમ્યક્ત્વના અચિંત્ય માહાત્મ્યને જ બતાવ્યું છે. નરકની ભીષણ વેદનામાં પણ આનંદની ગટાગટી જેના પ્રતાપે વર્તતી હોય એ ચીજ શું હશે !...વિચારને લંબાવતા... ધન્ય તે સમ્યક્ત્વને!...ધન્ય તે સમ્યક્ત્વધારી ધર્માત્માને!—એ

સિવાય કોઈ શબ્દો તેની મહિમાને સમજાવવા–વ્યક્ત કરવા સમર્થ નથી.

અહો ! કૃપાસાગર પૂજ્ય ગુરુદેવ ! આપના ઉપદેશનાં ગહનતાનો વિચાર કરતાં કરતાં એ ઉપદેશના ઊંડાણને—તેની ગંભીરતાને સમજતાં હૃદયમાં ઉમંગ સમાતો નથી. આપે અપ્રતિહત–સમ્યક્ત્વધારી ધર્મરત્ન પ્રશમમૂર્તિ પૂજ્ય ભગવતી માતાનું અનેક પ્રસંગે વૈવિધ્યપૂર્ણ શબ્દો દ્વારા બહુમાન સમજાવીને ખરેખર તો એ વડે સૌ જીવો આવા પૂજનીય સમ્યક્ત્વને પ્રાપ્ત કરવા પુરુષાર્થ કરો—એવો ગૂઢ–આદેશ જ આપે કર્યો છે.

અનાદિ-અનાદિ કાળથી સિદ્ધસદશ જ્ઞાયકધ્રુવ સચ્ચિદાનંદ તત્ત્વ એવું ને એવું સદાય મૌજુદ હોવા છતાં જેના વિના આનંદના ફળને દેવા સમર્થ નથી એવા સમ્યક્ત્વના મહિમાને કયા શબ્દોમાં વર્ણવી શકાય ! અને એવા અત્યંત મહિમાવંત સમ્યક્ત્વને ધારણ કરનાર ધર્માત્મા પ્રત્યેના ભક્તિભાવને કયા શબ્દોમાં વ્યક્ત કરી શકાય ? અહો ! ભગવતી માતા ! આપના પ્રત્યેની ભક્તિ વ્યક્ત કરવાની અમારી અસમર્થતાને વશ આપના ચરણોમાં અત્યંત ભક્તિથી નમસ્કાર કરીને સંતોષ માનીએ છીએ.

વળી, સંસારમાં જે રીતે વિનયવાન સુપુત્ર માતા-પિતાની સેવા કરતાં કરતાં માત્ર એટલું જ ઇચ્છે છે કે જીવન-પર્યંત અમને માતા-પિતાનું શિરછત્ર રહો. અને માતા-પિતા પણ એવા આશીર્વાદ આપે છે કે જેવું સુખ અમે ભોગવ્યું–અનુભવ્યું તેવું પુત્રને પણ હજો. અને તે આશીર્વાદ પુત્રને ફળે પણ છે. તેમ હે ધર્મમાતા ! આજના આ અત્યંત આનંદદાયી પ્રસંગે આપના પ્રત્યે અત્યંત ભક્તિભાવે નમસ્કાર કરતાં કરતાં એટલું ભાવીએ છીએ કે અમારા જીવન-પર્યંત અમને આપનું શિરછત્ર રહો, આપના ચરણોની સેવા-ભક્તિ ને દાસત્વ અમ હૃદયમાં જીવન-પર્યંત વસી રહો. સાથોસાથ, અમભક્તો પ્રતિ વાત્સલ્યભાવે ' સૌ જીવો સમ્યક્ત્વની આરાધના પૂર્વક આત્મિક સુખને પામો ' એવા, આપના હૃદયમાં વહેતાં આશીર્વાદ અમોને ફળો—એવી આજના આ મંગલદિને ભક્તિ-ભાવે પ્રાર્થના.

—સંપાદકના કોટિ કોટિ વંદન.

# * ૭૩ ✠ અધ્યાત્મ-અમૃત-પ્રસાદ ✠ ૭૩ *

વિભિન્ન પ્રસંગે મુમુક્ષુસમાજની વિનંતીથી
**પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની જ્ઞાનધારામાંથી વહેલા**
ગુરુભક્તિપૂર્ણ તત્ત્વરસસભર આધ્યાત્મિક-ઉદ્‌ગાર

ગુરુદેવે ઘણું-ઘણું બતાવ્યું છે. ગુરુદેવનો પરમ પરમ ઉપકાર છે. તે ઉપકારની તો શી વાત થાય! ગુરુદેવની વાણી અનુપમ હતી; તેમનું જ્ઞાન અનુપમ, તેમનો આત્મા અનુપમ. તેમણે અપૂર્વ વાણી દ્વારા હજારો જીવોને—ચારે તરફ ગુજરાતી-હિન્દી બધાને—તત્ત્વ સમજાવ્યું. તેમનો પ્રભાવના-ઉદય પ્રબળ હતો. ૧.

* ભવનો અભાવ તો એક ચૈતન્ય તરફ દૃષ્ટિ કરવાથી થાય છે. ગુરુદેવે કહ્યું છે કે—શુભાશુભ ભાવોમાંથી દૃષ્ટિ ઉઠાવી લે; તેમના પ્રત્યેની એકત્વબુદ્ધિ તોડીને ચૈતન્ય તરફ દૃષ્ટિ કરવાથી ભવનો અભાવ થાય છે. અનાદિ કાળથી પર તરફ દૃષ્ટિ હોવાથી, બાહ્યદૃષ્ટિ હોવાથી, જીવને બધું બહારનું જ દેખાય છે, ચૈતન્યની નિર્મળતા તેમ જ શુદ્ધતાનો ખ્યાલ આવતો નથી. ૨.

* શુભાશુભ ભાવમાં આકુળતા છે. ચૈતન્ય તરફ જાય તો જીવને શાંતિ અને આનંદ છે. ત્યાં અનંત જ્ઞાન તેમ જ અનંત આનંદ ભરેલો છે. તે આનંદ અંદરમાંથી પ્રગટ થયા જ કરે છે. જો સ્વમાં દૃષ્ટિ કરે, જ્ઞાન કરે અને લીનતા કરે તો તે પ્રગટ થયા વિના રહેતો જ નથી. શુભાશુભ ભાવનો આશ્રય છોડી ચૈતન્યનો આશ્રય લેવો તે જ ગુરુદેવે બતાવ્યું છે. ગુરુદેવે ઘણું સ્પષ્ટ કરીને બતાવ્યું છે કે સ્વાનુભૂતિનો માર્ગ જ મુક્તિનો માર્ગ છે અને તે જ સુખનો ઉપાય છે. બસ, આ જ એક કરવા જેવું છે. ગુરુદેવનો પરમ ઉપકાર છે. હું તો તેમનો દાસ છું. ગુરુદેવે જે બતાવ્યું છે તે જ કરવા જેવું છે. ગુરુદેવે આ મુમુક્ષુસમાજ ઉપર અપાર ઉપકાર કર્યો છે. દેવ-શાસ્ત્ર-ગુરુના મહિમાપૂર્વક ચૈતન્યની પરિણતિ અંદરથી

જ્ઞાયકના ઘૂંટણમાં નિરંતર રહે, દિવસ-રાત એની પાછળ પડે, તો વસ્તુ પ્રાપ્ત થયા વિના રહે જ નહિ.—પૂ. બહેનશ્રી

પ્રગટ કરવી જોઈએ. અંદરમાં પુરુષાર્થ—માત્ર વિચારરૂપ નહિ કિંતુ અંદરથી જે પ્રગટ થાય તે—કરવા જેવો છે. જ્ઞાયક, જ્ઞાયક, જ્ઞાયકનો પુરુષાર્થ અને તેની સ્વાનુભૂતિ જ પ્રગટ કરવા જેવું છે. ૩.

* ગુરુદેવે કહ્યું છે કે એક જ્ઞાયકને ઓળખો; બસ, બીજું બધું ચૈતન્યથી જુદું છે; આ શરીર જુદું, વિભાવ પર્યાય આત્માનો સ્વભાવ નથી;—બધું તેનાથી જુદું છે. એક ચૈતન્યદેવ – જ્ઞાયક તે અનાદિઅનંત શાશ્વતો છે. અનંતાં દ્રવ્યોની સાથે રહે તોપણ તે એવો, ને એવો છે. આના દ્રવ્ય-ગુણ તેમાં જતાં નથી, તેનાં દ્રવ્ય-ગુણ-પર્યાય આમાં આવતાં નથી. સૌનાં પોતપોતામાં જ રહે છે. એવા અનંતાં દ્રવ્યોની પાસે રહે તોપણ પોતે તો એવો ને એવો. તેનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ—બધાં એનાં એનામાં, બીજાનાં બીજામાં છે. તેનો સ્વભાવ છૂટીને કોઈ વાર પરદ્રવ્યરૂપે થતો નથી. તેના ગુણો પરરૂપે થતા નથી, પર્યાયો પણ પરરૂપે થતી નથી. ૪.

* ગુરુદેવ વારંવાર ફરમાવતા હતા કે – આત્માને ઓળખો, ચૈતન્યને ઓળખો. વિકલ્પ છૂટીને સ્વાનુભૂતિ થાય તો અંતરમાંથી ચૈતન્યની કોઈ અપૂર્વ, અદ્ભુત ને અનુપમ ઋદ્ધિ પ્રગટે. આચાર્યદેવ કહે છે ને—આ તરફ આવો—આ તરફ આવો, અહીં નિવાસ કરો, તમારું પદ આ છે– આ છે, જ્યાં શુદ્ધ – શુદ્ધ ચૈતન્યધાતુ નિજ રસની અતિશયતાને લીધે સ્થાયી ભાવપણાને પ્રાપ્ત છે અર્થાત્ સ્થિર છે—અવિનાશી છે. બીજું બધું અપદ છે—અપદ છે, તમારું સ્થાન નથી, એમ તમે સમજો. આચાર્યદેવ જે કહે છે, ગુરુદેવ પણ તે જ કહે છે—સર્વોત્કૃષ્ટ પદ આ આત્મા છે, આત્મા જ એક સાર છે, બાકી બધું નિઃસાર છે. ૫.

* દ્રવ્ય તો શાશ્વત છે, ને પર્યાય તો ક્ષણે ક્ષણે પ્રગટે છે. દ્રવ્યનું વેદન નથી હોતું. વેદન પર્યાયનું હોય છે. ચૈતન્ય જે દ્રવ્ય છે, તેની પર્યાય થાય છે; પર્યાય કાંઈ અદ્ધર નથી રહેતી—દ્રવ્યરૂપ આધાર વિના કોઈ પર્યાય થતી નથી. ૬.

* પૂજ્ય ગુરુદેવ દરેક શાસ્ત્રમાં શબ્દે શબ્દના કોઈ એવા અર્થ કરતા



'હું તો ઉદાસીન જ્ઞાતા છું' એવી નિવૃત્ત દશામાં જ શાન્તિ છે. —પૂ. બહેનશ્રી

હતા ! તેમની વાણી કોઈ અપૂર્વ હતી. સાંભળનારને એમ થાય કે—આત્માનું સ્વરૂપ કેવું છે તે જાણે સાક્ષાત્ બતાવતા હોય ! ૭.

* મનુષ્ય જીવનમાં એક જ્ઞાયક—આત્માને ઓળખવો. વિભાવ બધા ઉપરછલ્લો છે; મૂળ સ્વભાવમાં—તળમાં—જઈને તેનું ભેદજ્ઞાન કરવું. ૮.

* એક દ્રવ્યદૃષ્ટિ કર. એક સ્વાનુભૂતિ કર. બહારનું કાંઈ કરવાનું નથી. એક દ્રવ્યદૃષ્ટિ કરવાની છે. માર્ગનું મૂળ તો તે જ છે. તેમાં બધા શ્રુતનો સાર આવી જાય છે. ૯.

* મુક્તિનો માર્ગ એક છે. બધું કરીને કરવાનું તો એક જ છે—શાશ્વત શુદ્ધ આત્માનું આલંબન એટલે કે તેની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા. તેના માટે આત્માની ઓળખાણ કરવી જોઈએ. જ્યાં સુધી પોતે અંતરંગ પરિણમનપૂર્વક તેની ઓળખાણ ન કરી શકે, ત્યાં સુધી તેને તેના માટે તત્ત્વવિચાર વગેરેનો પ્રયત્ન થયા વિના રહે નહિ. પરંતુ કરવા જેવું તો એક જ છે—એક શાશ્વત શુદ્ધ આત્માનું આલંબન. ગુરુદેવે આત્મકલ્યાણનો આ જ માર્ગ બતાવ્યો છે. ૧૦.

* અહા ! મુનિરાજના મનની નિરાલંબ ગતિ ! તેઓ બહારથી જંગલમાં બેઠા દેખાય પણ અંતરમાં તો ક્યાંય વિચારતા હોય છે, ઘડીએ ઘડીએ સ્વરૂપમાં ઊંડે ક્યાંય ઊતરી જાય છે. ક્ષણે ક્ષણે સ્વરૂપ તરફ—આનંદના ધામમાં નિર્વિકલ્પ દશાના આનંદવેદનમાં, ઢળી જાય છે. ઉપયોગ બહાર આવે છે પણ એકદમ નિરાલંબન થઈ ક્ષણમાં અંદર ઊતરી જાય છે. ૧૧.

* જ્ઞાન, દર્શન ને આનંદ આદિ અનંત અનંત શક્તિઓથી ભરેલો આ આત્મા અનાદિ કાળથી તે-રૂપ જ છે—એવો ને એવો જ છે. તે આત્માને ઓળખવો એ જ જીવનનું ધ્યેય હોવું જોઈએ. ભેદજ્ઞાનની ધારા કેમ પ્રગટે અને આત્મા કેમ ગ્રહણ થાય, એની ક્ષણે ક્ષણે અંતરમાં લગની લાગવી જોઈએ; તે જ કરવા જેવું છે. ૧૨.



આત્માર્થીએ સ્વાધ્યાય કરવો, વિચાર-મનન કરવાં; એ જ આત્માર્થીનો ખોરાક છે. —પૂ. બહેનશ્રી

* શ્રુતના તળને શોધીને આત્માના તળને—જ્ઞાયકભાવને—શોધી લે. આત્માના તળનો પત્તો લાગતાં શ્રુતનું તળ એમાં આવી ગયું. આત્માના તળનો—જ્ઞાયકભાવનો—આશ્રય મુખ્ય છે; તે થતાં બેડો પાર છે. તેમાંથી જ બધું પ્રગટ થશે. અનંતકાળથી તે આશ્રય જ બાકી રહી ગયો છે. ૧૩.

* અહો! અનંત ગુણોથી ગૂંથાયેલો તું એક છો, તે એકને તું પહોંચી જા. તે એકના અવલંબનથી સ્વભાવપરિણતિ થઈ કે આખું ચક્ર સ્વભાવ તરફ વળી ગયું. તારી દૃષ્ટિ સ્વભાવ તરફ વળી તો બધા ગુણોનું સ્વભાવપરિણમન શરૂ થઈ ગયું. પછી તો તેમાં લીનતા કરતાં કરતાં પૂર્ણતા સુધી પહોંચી જઈશ. ૧૪.

* દ્રવ્ય—મૂળ વસ્તુ—જ એને કહેવાય કે જે સ્વભાવે પરિપૂર્ણ દ્રવ્યને કોઈ અન્ય દ્રવ્ય વિઘ્ન હાનિ કે નાશ કરી શકે નહિ. ૧૫.

* પોતાનો પૂર્ણ દ્રવ્યસ્વભાવ અરૂપી હોવા છતાં પોતે તેને જાણી તો શકે છે, પણ પોતે તે માટે પ્રયત્ન કરતો નથી, તેથી તેને જાણતો નથી. તે પૂર્ણ સ્વભાવની શ્રદ્ધા થઈ શકે છે અને સ્વાનુભૂતિમાં પણ તે આવે છે. સ્વભાવ તો સદા છે; તે કાંઈ હાનિ નથી પામ્યો. સ્વભાવને પોતે જાણી શકે છે, પોતે તેને અનુભૂતિમાં લઈ શકે છે; વિશેષ લીનતા કરવાથી તે વિશેષ પ્રગટ થાય છે અને કેવળજ્ઞાન થતાં તે પૂર્ણ પ્રગટ થઈ શકે છે. ગુરુદેવે આ માર્ગ બતાવ્યો છે, એમનો આપણા ઉપર અનંત અનંત ઉપકાર છે. ૧૬.

* ગુરુદેવનો તો પરમ ઉપકાર છે. પર ને વિભાવ સાથેની એકત્વબુદ્ધિ તોડીને અંદર ચૈતન્ય તરફ સન્મુખતા કરી તેની સાથે એકત્વ કરે તો વસ્તુસ્વરૂપ યથાર્થ સમજાય. એકત્વ માટે તેનો નિરંતર અભ્યાસ, લગની અને વારંવાર પ્રયત્ન કરવો જોઈએ. ગુરુદેવે તો ચારે પડખેથી માર્ગ બતાવ્યો છે—એટલો ચોખ્ખો કરીને બતાવ્યો છે કે ક્યાંય ભૂલ રહી ન જાય; પણ પુરુષાર્થ કરવાનો તો પોતાને છે. ૧૭.

---

આખા દિવસમાં આત્માર્થને પોષણ મળે તેવા પરિણામ કેટલા છે ને બીજા પરિણામ કેટલા છે તે તપાસી પુરુષાર્થ તરફ વળવું. —પૂ. બહેનશ્રી

* ગુરુદેવે માર્ગ બતાવ્યો છે. ચેતનમાં આનંદ ને ચેતનમાં જ્ઞાન....—કોઈ જાણતું 'તું જ ક્યાં? બહારમાં ક્યાંય નથી, અંતરમાં બધું છે;—ને બધુ ગુરુદેવે બતાવ્યું. કોણ જાણતું 'તું? બધા ક્રિયામાં પડેલા હતા. અંતરદૃષ્ટિ—જ્ઞાન ને આનંદથી ભરેલું જુદું ચૈતન્યતત્ત્વ અંદર નિર્વિકલ્પ દશામાં પ્રાપ્ત થાય તે આખી દૃષ્ટિ જ—ગુરુદેવે આપી. તેમનો જ બધો ઉપકાર છે. ૧૮.

* નિરાલંબન ચાલે ચાલવું તે વસ્તુનો સ્વભાવ છે. મુનિઓ મુનિ-દશાનુસાર સ્વભાવ પરિણત હોવાથી મુનિરાજોના મનની ગતિ નિરાવલંબન છે—તેમની અંતરંગ પરિણતિ સહજ નિરાલંબન ધારાએ પરિણમી રહી છે. ૧૯.

* હું જ્ઞાયક છું, જ્ઞાયક છું—એમ જ્ઞાતાપણાની ધારાનો અભ્યાસ કરવો. યથાર્થ તો પછી થાય છે પણ પહેલાં એનો અભ્યાસ થાય છે. એનો અભ્યાસ વારંવાર કરે તો તે પ્રગટ થયા વિના રહે નહિ. કરવાનું એ એક જ છે. અનાદિ કાળમાં જીવે એક સમ્યગ્દર્શન કર્યું નથી, બહારનું બીજું બધું કર્યું છે. અહા! સમ્યગ્દર્શન એ કોઈ અપૂર્વ ચીજ છે. ૨૦.

* જ્ઞાનીની દૃષ્ટિ અદ્ભુત મહિમાવંત દ્રવ્યસ્વભાવ ઉપર પડી હોવાથી તેને જગતનું કાંઈ જોઈતું નથી. તેને બધી ઇચ્છાઓ તૂટી ગઈ છે. જગતના વિવિધ પદાર્થો ભલે જણાય પણ 'હું તો જ્ઞાતા જ છું' એવા ભાવે પરિણમતો તે જ્ઞેયોને એકત્વપૂર્વક ગ્રહણ કરતો નથી, જુદો જ વર્તે છે. ૨૧.

* સમ્યગ્દર્શનમાં શુદ્ધતા પ્રગટે એના કરતાં મુનિદશામાં અનંતગણી વધુ શુદ્ધતા પ્રગટે, અને કેવળજ્ઞાનમાં તો અનંતાનંતગણી અર્થાત્ પરિપૂર્ણ શુદ્ધતા પ્રગટે. મૂળમાંથી ઊછળે તેનું જ નામ જ્ઞાન. ૨૨.

* કરુણાસાગર ગુરુદેવ કરુણાથી કહેતા હતા; ભાઈ! કરવાનું તો તારે જ છે ને? તારા ઉપાદાનને તૈયાર કરી, ગુણોનો ભંડાર જે જ્ઞાયકદેવ તેના શરણે જા. તેના શરણે જતાં તારા અનાદિ કાળના મિથ્યાત્વાદિ દોષો સહેજે

ટળી જશે. દોષો ટાળવાનો એ જ એક ઉપાય છે. એક જ્ઞાયકભાવનો આશ્રય લેતાં જ એકીસાથે બધા દોષોનો યથાસંભવ આંશિક નાશ થાય છે. માટે તું ગમે તેમ કરીને જ્ઞાયકનો આશ્રય લે. ૨૩.

* અહો ! મુનિરાજની દશાની તો શી વાત કરવી ? આત્મદ્રવ્ય સ્વભાવે 'સ્વયંભૂ' ભગવાન છે. મુનિરાજ (યથાયોગ્ય) નિરાલંબનપણે પરિણમતા થકા પર્યાયમાં (યથાયોગ્ય) સ્વયંભૂ થઈ ગયા છે. તારું સ્વરૂપ પણ સ્વયંભૂ છે; તેથી તું નિરાલંબી પુરુષાર્થ કર. તું આત્મા તરફની રુચિ પ્રગટ કર તો તારા સમ્યક્ પુરુષાર્થની ગતિ ઊપડશે. ૨૪.

* ગુરુદેવનો અપાર ઉપકાર છે. ચૈતન્યની ચમત્કારિક ઋદ્ધિ તેઓશ્રીએ જ બતાવી. 'ચિદ્રૂપરિણતિએ પરિણમવું તે જ સુખી થવાનો માર્ગ છે' એમ સાચો મોક્ષમાર્ગ તેઓશ્રીએ જ બતાવ્યો. ૨૫.

* આત્મા એવી અનંતતાથી ભરેલો છે કે અનંત કાળ પરિણમે તોપણ પરિપૂર્ણ અનંત રહે. તેને મૂળ સ્વભાવમાંથી ઓળખ. આ બધો માર્ગ ગુરુદેવે ખોલી ખોલીને બતાવ્યો છે. આ કાળમાં માર્ગ સમજવો બહુ મુશ્કેલ છે; કોઈ કયાંય અટકી જાય ને કોઈ કયાંય અટકી જાય. ૨૬.

* ગુરુદેવે તો માર્ગ બતાવ્યો છે. આત્માનું હિત કરવા માટે તે માર્ગે ચાલવાનું છે. જગતમાં સર્વોત્કૃષ્ટ વસ્તુ એક જ્ઞાયક—આત્મા છે, તેને ઓળખવો. આ બીજું બધું જગતમાં કોઇ સર્વોત્કૃષ્ટ નથી, પોતાનો આત્મા જ એક સર્વોત્કૃષ્ટ છે. તેને માટે થઈને દેવ–શાસ્ત્ર–ગુરુની મહિમા તેમ જ એક જ્ઞાયક...જ્ઞાયક....આત્માનું રટણ અને ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરવી, તેની ઉગ્રતા કરવી—જ્ઞાતાપણાની ઉગ્રતા કરવી. ૨૭.

* દ્રવ્ય પર દૃષ્ટિ કરવી તે જ કરવાનું છે. તેના ઉપર દૃષ્ટિ કરવાથી, વારંવાર તે તરફનો અભ્યાસ કરવાથી અને ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરવાથી, વિકલ્પથી ખસીને જે નિર્વિકલ્પ સ્વાનુભૂતિ પ્રગટ થાય છે તે મુક્તિનો મારગ છે એમ ગુરુદેવે બતાવ્યું છે. ૨૮.



પરિણામને કયાંય ભટકવા દેવા નહીં, તેને એક આત્મામાં જ વારંવાર લગાડ. —પૂ. બહેનશ્રી

* અનંતગુણોથી ભરપૂર આત્મા જો પોતે ભેદજ્ઞાન કરે કે—આ જે પર છે તે 'હું' નથી, વિભાવ મારું સ્વરૂપ નથી, હું તેમનાથી અત્યંત ભિન્ન શાશ્વત ચૈતન્યપદાર્થ છું. આવા ભેદજ્ઞાનપૂર્વક જો તે શાશ્વત દ્રવ્યની દૃષ્ટિ કરે, તેનું જ્ઞાન કરે, તેમાં લીનતા કરે તો તે પ્રગટ થયા વિના રહે નહિ. ૨૯.

* 'સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ.' એક સમ્યક્ત્વ પ્રગટ થતાં જ સ્વરૂપાચરણ ચારિત્રાદિ બધા ગુણોના યથાસંભવ અંશ પ્રગટ થાય છે; તેથી સમ્યક્ત્વરૂપ પરિણમતાં જ તારી દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સાધના શરૂ થશે અને તારો આત્મા દિવ્યતાથી—શુદ્ધતાથી ખીલી ઊઠશે. અહો! એવી સાધના કરનારા મુનિરાજોની તો શી વાત? ક્ષણે-ક્ષણે અંદરમાં જાય છે, સ્વરૂપની સાધના કરે છે. એમની શક્તિ તો કોઈ જુદી છે! ૩૦.

* સ્વાનુભૂતિના પંથે ચાલવાથી મુક્તિનો માર્ગ પ્રગટ થાય છે તે ગુરુદેવે બતાવ્યું છે. એ પંથે જ ચાલવા જેવું છે. તેનાથી જ ભવનો અભાવ થાય છે, આત્મામાં સુખ પ્રગટ થાય છે, કોઈ અપૂર્વ આનંદ વેદનમાં આવે છે. ૩૧.

* આત્મામાં જ આનંદ ભરેલો છે. આનંદ ક્યાંય બહાર નથી, આત્મા જ તેનાથી ભરપૂર છે. આત્માનો સ્વભાવ જ આનંદ છે. ૩૨.

* આત્માનો સ્વભાવ જ્ઞાન પણ છે. આત્મા પોતે જ્ઞાન-આનંદ વગેરે અનંત ગુણોથી ભરપૂર છે. આવા અનંત ધર્મોથી ભરપૂર આ આત્મા અનુપમ છે, તે જ સર્વસ્વ છે—એવી જો તેની અપૂર્વતા લાગે તો તેની પરિણતિ તે તરફ ઝૂક્યા વિના રહે જ નહિ. ૩૩.

* તું એક આત્માના 'તળ' ઉપર દૃષ્ટિ દે અને તેમાં રમણતા કર તો કેવળજ્ઞાન સુધી પહોંચી જવાશે. ચૈતન્યનું કાર્ય પ્રગટ કર તો બધા ગુણોમાં—જ્ઞાનમાં જ્ઞાનનું, દર્શનમાં દર્શનનું, આનંદમાં આનંદનું, તપમાં તપનું એ રીતે—બધું કાર્ય પ્રગટ થઈ જશે. ૩૪.

* ભગવાનની રત્નનિર્મિત પ્રતિમાઓ પણ આશ્ચર્યકારી છે, તો તું તો સ્વયં અનાદિ-અનંત શાશ્વત ચૈતન્ય રત્નાકર! દિવ્ય ધ્વનિમાં આ ચૈતન્યરત્નાકરની વાતો ઘણી આવે છે. તેમને સાંભળીને જીવ તેને દેખવા તરફ વળે છે—એવી ઉપાદાન-નિમિત્તની સંધિ છે, અનાદિ કાળથી રખડતા જીવને પ્રથમ દેશનાલબ્ધિ થાય છે—ભલે પછી ભગવાનની વાણી હોય કે ગુરુદેવની વાણી હોય. તેને સાંભળીને જીવ પોતા તરફ વળે છે. ૩૫.

* ગુરુદેવે કહ્યું છે: 'કરવાનું તો પોતાને જ છે.' સાકરનો સ્વભાવ જુદો છે ને કાળીજીરીનો સ્વભાવ જુદો છે, તેમ જ્ઞાન જ્ઞાનસ્વભાવે ને જડ જડસ્વભાવે હોય છે—બંને જુદેજુદાં છે. વિભાવપર્યાય પણ આકુળતારૂપ છે, આત્માનો સ્વભાવ નથી. આત્મા નિરાકુળ છે, તેનું સ્વરૂપ વિભાવથી જુદું જ્ઞાનમય છે. શાસ્ત્રમાં આવે છે ને કે—સુવર્ણમાંથી સુવર્ણની પર્યાય થાય છે; તેમ જ્ઞાનમાંથી જ્ઞાનની પર્યાય થાય છે. શુદ્ધાત્માને સમજવાનો મંત્ર મળ્યો છે તે પૂજ્ય ગુરુદેવ પાસેથી મળ્યો છે. કરવાનું તો પોતાને જ છે, બીજો કોઈ કરી દેતો નથી. ગુરુદેવે જે બતાવ્યું છે તે રૂપે પોતે પરિણમન કરે તો પ્રગટ થાય. માત્ર ઉપર—ઉપરથી થતું નથી, પણ અંતરના ઊંડાણમાં જઈને પ્રયત્ન કરે તો જ પ્રગટ થાય. જ્યાં તત્ત્વ છે ત્યાં જ દૃષ્ટિ દે, ત્યાં જ પરિણતિને દોડાવે, ત્યાં જ થંભે, ત્યાં જ લીન થાય, એનું જ જ્ઞાન કરે, એનું જ ધ્યાન કરે, તો પ્રગટ થાય. જેને બહારનો રસ લાગ્યો હોય તે તેનું-બહારનું—કેટલું મંથન કરે?—તેમ અંતરમાં જઈને પ્રયત્ન કરે તો પ્રગટ થાય. ૩૬.

* અહો! જેમની મુદ્રા શાંત સુધારસનું સરોવર છે એવા પ્રભુ! આપને નીરખતાં મને તૃપ્તિ જ થતી નથી, મારા નયન પાછાં ફરતાં જ નથી. જગતમાં જો કાંઈ જોવાલાયક હોય તો તે સર્વોત્કૃષ્ટ નિજ જ્ઞાયકદેવ અને સર્વોત્કૃષ્ટ જિનેન્દ્રદેવ છે. જગતમાં બીજું કાંઈ પણ આશ્ચર્યજનક નથી. પ્રભુ! મારાં નયનો આપનાં દર્શનથી સફળ થયાં, હું આપને એકીટશે જોયા જ કરું. ૩૭.

---



જ્ઞાયક પરિણતિનો દૃઢ અભ્યાસ કર. શુભભાવના કર્તૃત્વમાં પણ આખા લોકનું કર્તાપણું સમાયેલું છે.—પૂ. બહેનશ્રી

* 'હું ચૈતન્ય જ છું, શરીર ને વિભાવપર્યાય મારું સ્વરૂપ નથી, હું તેમાં અનંતકાળથી નકામો ફસાઈ રહ્યો છું. મારો ચૈતન્યસ્વભાવ ન્યારો જ છે.'—આ રીતે ચૈતન્યદરબારમાં દૃષ્ટિ કર તો કાર્ય સ્વયં થવા માંડશે. ૩૮.

* જિનપ્રતિમાનાં દર્શન કરતાં 'હું ભગવાનસદૃશ જ છું' એવી ભાવના આવે, આત્મા ને પરમાત્મામાં ભેદ ન રહે, તો નિદ્ધત અને નિકાચિત કર્મ પણ તૂટી જાય છે, પણ વિના સમજે નહિ. આ તો અંતરંગ સમજપૂર્વકની વાત છે. ૩૯.

* આત્માને બધાથી ન્યારો જાણવો એ જ કરવાનું છે. તે જ્ઞાતાસ્વભાવ જ્ઞાયકને ઓળખવો એ જ ગુરુદેવે કહ્યું છે. તે બધાએ કરવું. ક્યાંય અટકવા જેવું નથી. એક શાશ્વત દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાથી નિર્વિકલ્પ સ્વાનુભૂતિ પ્રગટ થાય છે. એ જ કરવા જેવું છે. ૪૦.

* સ્ફટિકની જેમ આત્મા સ્વભાવે નિર્મળ છે. જેમ લાલ-પીળાં ફૂલને લઈને સ્ફટિક લાલ-પીળો દેખાય છે પણ સ્વભાવે એવો નથી, તેમ મૂળ દ્રવ્યસ્વભાવે આત્મા શુદ્ધ છે પણ પર્યાયમાં જે વિભાવ છે તેના ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને અંતરદૃષ્ટિ કરવી. ૪૧.

* ભગવાને કેવળજ્ઞાન પ્રગટ કર્યું. ભગવાનનાં જે આ દ્રવ્ય—ગુણ—પર્યાય, એવાં જ પોતાનાં છે; જેવું સિદ્ધ ભગવાનનું સ્વરૂપ છે એવું પોતાનું સ્વરૂપ છે; તેવી દૃષ્ટિ કર. ૪૨.

* બધું—માતાપિતાદિને—છોડીને તમે (બ્રહ્મચારિણી બહેનોએ) ગુરુદેવના સાન્નિધ્યમાં નિવૃત્તિ લીધી છે તો નિવૃત્તસ્વરૂપ આ આત્માના નિવૃત્તસ્વભાવમાં દૃષ્ટિ દઈને નિવૃત્તિપંથ ઉજાળવા યોગ્ય છે. નિવૃત્તસ્વરૂપ આ આત્માની દૃષ્ટિ કરવી તે જ મનુષ્યજીવનની સફળતા છે. વચ્ચે શુભભાવ ભલે આવે, પરંતુ દૃષ્ટિ તો નિવૃત્તસ્વભાવ ઉપર જ રાખવી. તે જ માર્ગ શુભાશુભ ભાવોથી ભિન્ન નિવૃત્તસ્વરૂપ નિજ આત્મામાં દૃષ્ટિ લગાવીને, અંગીકૃત કરેલા નિવૃત્તિપંથને દીપાવવા જેવો છે. ૪૩.

* કરવાનું તો એક જ છે--એક આત્માની સાધના, તેની સાથે દેવ-શાસ્ત્ર-ગુરુ-બધું આવી જાય છે. શુભભાવમાં દેવ-શાસ્ત્ર-ગુરુ ને અંતરમાં એક આત્મા. 'अहमिक्को खलु सुद्धो'—બસ એક શુદ્ધાત્મા. ૪૪.

* સાચો નિવૃત્તિપંથ તો ગુરુદેવે બતાવ્યો છે. તું તારી સ્વભાવક્રિયાનો કરનારો છે, તોપણ અંદરમાં સ્થિરતા પ્રાપ્ત ન થઈ શકે તો શુભભાવનાં કાર્ય થાય છે. પૂજા-ભક્તિ વગેરેના ભાવ આવે છે તોપણ તે સર્વસ્વ નથી; સર્વસ્વ તો—સંપૂર્ણપણે આદરણીય તો—'વીતરાગ થવું' તે છે. શુભભાવ વ્યવહારથી આદરણીય કહેવાય છે, નિશ્ચયથી તો હેય છે. ૪૫.

* ખરેખર વીતરાગપંથ તો વિભાવથી છૂટીને સ્વભાવમાં ઠરી જવું તે જ છે. શાંતિનો સાચો પંથ તે જ છે. દૃષ્ટિમાં આદરણીય તો નિવૃત્તસ્વરૂપ ધ્રુવ સ્વભાવ જ છે. તે સ્વભાવમાં તું જા. નિવૃત્તસ્વરૂપ સ્વભાવમાં જા તો શાંતિની અનુપમ ધારા પ્રગટ થશે. ૪૬.

* પહેલાંમાં પહેલાં ચૈતન્યને ઓળખવો, ચૈતન્યમાં જ વિશ્વાસ કરવો અને પછી ચૈતન્યમાં જ ઠરવું....તો ચૈતન્ય પ્રગટે, તેની શક્તિ પ્રગટે. પ્રગટ કરવામાં પોતાની તૈયારી—ઉગ્ર પુરુષાર્થ વારંવાર કરે, જ્ઞાયકનો જ અભ્યાસ, જ્ઞાયકનું જ મંથન, તેનું જ ચિંતવન કરે તો પ્રગટ થાય.

પૂજ્ય ગુરુદેવે માર્ગ બતાવ્યો છે, ચારે પડખેથી સ્પષ્ટ કર્યું છે. ૪૭.

* અનાદિકાળથી પોતે પોતાનું સ્વરૂપ છોડ્યું નથી, પણ ભ્રાંતિને લીધે 'છોડી દીધું છે' એમ ભાસ્યું છે. અનાદિ કાળથી દ્રવ્ય તો શુદ્ધતાથી ભરેલું છે, જ્ઞાયકસ્વરૂપ જ છે, આનંદ સ્વરૂપ જ છે. અનંત ચમત્કારિક શક્તિ તેમાં ભરેલી છે. ૪૮.

* શ્રોતા :—મુમુક્ષુ જીવ પ્રથમ શું કરે?

પૂજ્ય બહેનશ્રી :—પ્રથમ દ્રવ્ય-ગુણ-પર્યાય-બધાંને ઓળખે. ચૈતન્યદ્રવ્યના સામાન્ય સ્વભાવને ઓળખીને, તેના ઉપર દૃષ્ટિ કરીને, તેનો અભ્યાસ કરતાં કરતાં ચૈતન્ય તેમાં ઠરી જાય, તો તેમાં વિભૂતિ છે


અહો! તું તો આત્માની સાધના કરવા નીકળ્યો... ત્યાં આ લૌકિકજનના પરિચયનો રસ કેમ? —પૂ. બહેનશ્રી

તે પ્રગટ થાય છે. ચૈતન્યના અસલી સ્વભાવની લગની લાગે, તો પ્રતીતિ થાય; તેમાં ઠરે તો તેનો અનુભવ થાય છે. ૪૯.

* ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો....જ્ઞાયક આત્માને ઓળખવો....'હું જ્ઞાયકસ્વરૂપ છું'...આત્માને બધાંથી જુદો—પરદ્રવ્યથી જુદો, પરભાવોથી જુદો જાણવો...જુદો જ છે. ૫૦.

* 'જ્ઞાયકસ્વરૂપ છું' એવો અભ્યાસ કરવો, તેની પ્રતીતિ કરવી; પ્રતીતિ કરી તેમાં ઠરી જતાં, અનંત ચમત્કારિક શક્તિ તેમાં છે તે પ્રગટ અનુભવમાં આવે છે. ૫૧.

* અહો! આચાર્યદેવની તો શી વાત કરવી! એકત્વ-વિભક્ત સ્વરૂપ સ્વાનુભવમુદ્રિત નિજ વૈભવ વડે સુંદર રીતે દર્શાવ્યું છે. આત્માને સ્વરૂપથી એકત્વમય તથા પરને વિભાવથી વિભક્ત જાણવો તે જ મુક્તિનો માર્ગ છે. સ્વરૂપથી એકત્વમય ને વિભાવથી વિભક્ત એવા નિજ આત્માને ઓળખવાનો જીવે કદી પ્રયત્ન કર્યો નથી. આત્મા જ સર્વસ્વ છે; જગતમાં આશ્ચર્યભૂત એક આત્મા જ છે, બીજી કોઈ વસ્તુ આશ્ચર્યભૂત નથી; માટે એક આત્માને જ ગ્રહણ કરવો. એને જ ગ્રહણ કરવાનો અભ્યાસ તે જ જીવનનું કર્તવ્ય છે. ૫૨.

* આત્મકલ્યાણ કરી લેવાની ભાવનાવાળો આત્માર્થી જીવ દૃઢ તત્ત્વ-નિર્ણયપૂર્વક સ્વ-પરના ભેદનો અથવા જ્ઞાતાના ગ્રહણનો અભ્યાસ કરીને, તે અભ્યાસની ઉગ્રતા વડે, વિકલ્પ તૂટતાં આનંદઝરતી નિર્વિકલ્પ સ્વાનુભૂતિને અવશ્ય પ્રાપ્ત કરી લે છે. તેના માટે આત્માર્થીએ એવો પ્રયાસ કરવા જેવો છે. ૫૩.

* ગુરુદેવ અદ્ભુત પ્રતાપી પુરુષ હતા, ભારતના ઝળહળતા સૂર્ય હતા; આપણા તારણહાર હતા. તારણહાર ચાલ્યા ગયા; ભક્તોને તારણ-હારના વસમા વિરહ પડ્યા. ભક્તોને તો એવા જ ભાવો હોય ને કે તારણહાર ગુરુદેવ શાશ્વત બિરાજમાન રહે! પરંતુ કુદરતના ક્રમ પ્રમાણે ગુરુદેવ દ્રવ્ય-અપેક્ષાએ શાશ્વત રહી, પર્યાય-અપેક્ષાએ દેવપર્યાય ધારણ

કરી, આપણાથી ઘણા દૂર ક્ષેત્રે બિરાજી ગયા. આપણને તારણહારનાં પાવન દર્શન-સત્સંગાદિ અપ્રાપ્ય થઈ ગયાં. શું થાય ? હવે એ ઉપકાર-મૂર્તિને પરમ ભક્તિપૂર્વક હૃદયમાં બિરાજમાન કરી, તેમની આજ્ઞાને સદાય આગળ ને આગળ રાખી, તેમની આજ્ઞાનુસાર જીવન જીવવું એ જ સૌનું કર્તવ્ય છે. ૫૪.

* વિકલ્પ તોડીને અંદર સ્વાનુભૂતિ કેમ પ્રગટ થાય તે પ્રયત્ન કર્તવ્ય છે. અંતરમાં ભેદજ્ઞાન થાય તો જ મુક્તિની શરૂઆત થાય. જે મોક્ષે ગયા છે તે ભેદજ્ઞાનથી જ ગયા છે. ભેદજ્ઞાનના અભાવે જીવ રખડ્યો છે. તું તારા ચૈતન્યમાં પુરુષાર્થ કર તો અંદર ભેદજ્ઞાનની ધારા ચાલે. ૫૫.

* અનાદિથી અપરિચિત એવા તે એક જ્ઞાયકભાવને પણ મારાથી કઈ રીતે પહોંચી શકાશે? એવા ઢીલા વિચાર ન કર. ભલે અનાદિથી અપરિચિત હોય, પણ તે એક જ્ઞાયકભાવ છે તો તારો પોતાનો સ્વભાવ ને? માટે તે સરળ છે, સુગમ છે. અનંત કાળથી તેનું લક્ષ કર્યું નથી તેથી દુષ્કર લાગે છે, દુષ્કર છે નહિ. ૫૬.

* જ્ઞાનીને ગમે તે પ્રસંગમાં જ્ઞાયકતા છૂટતી નથી; પુણ્ય–પાપના ભાવમાં તે જ્ઞાયક જ છે. ગમે તેવા ઊંચા શુભ ભાવો હોય, પંચપરમેષ્ઠીની પૂજા–ભક્તિના ભાવોમાં ઘણો રસ દેખાતો હોય કે ગુણભેદના વિચાર કરતો હોય, તોપણ જ્ઞાયક તો જ્ઞાયક જ છે, ક્યાંય એકત્વબુદ્ધિ નથી. ૫૭.

* આ જે બાહ્યલોક છે, વિભાવનો લોક છે, તેમાં તો બધી ધમાલ, ધમાલ ને ધમાલ જ જોવા મળે છે, ક્યાંય શાંતિ નથી. અંતરનો લોક—ચૈતન્યલોક—અદ્ભુત છે, તેમાં બધું સરસ જોવાનું છે, ત્યાં સર્વત્ર શાંતિ છે. ૫૮.

* તું નિરાલંબન ચાલે ચાલતાં શીખ. તે માટે જિનેન્દ્રકથિત વસ્તુ-સ્વરૂપની તું સમજણ કર. તે સમજણમાં વ્યવહારે સાચાં દેવ–શાસ્ત્ર–ગુરુ નિમિત્ત હોય છે. દેવ–શાસ્ત્ર–ગુરુ માર્ગ બતાવવામાં મહા નિમિત્ત છે. તું તારું ઉપાદાન અંદરથી તૈયાર કર, ત્યાં નિમિત્ત તો તૈયાર હોય જ છે. ૫૯.

* પુદ્ગલનાં દ્રવ્ય-ગુણ-પર્યાય પુદ્ગલમાં ને તારાં દ્રવ્ય-ગુણ
તારામાં;—તું તેને કરી શકતો નથી ને તે તને કંઈ કરી શકતુ
પરદ્રવ્યનાં ને પોતાનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જુદાં છે, બધું જુદું છે.
અસ્તિત્વ પોતામાં છે ને બીજાનું અસ્તિત્વ બીજામાં છે. પોતાના
અસ્તિત્વને ગ્રહણ કરવું, તેમાં જ વાસ કરવાનો પ્રયત્ન કરવો
કરવા જેવું છે. આ પર તરફના વાસમાં તને જે સુખ લાગે છે
બુદ્ધિ તોડીને ચૈતન્યમાં વાસ કરવો, અંદર તળિયે જઈને સુખ
એવા પોતાના આત્માને ઓળખવો. ૬૦.

* જ્ઞાયકને ઓળખવો, તેની મહિમા કરવી. તેનો અભ્યાસ
અને તેમાં લીનતા કરવી. તે કરવાથી ચૈતન્ય પ્રગટ થયા પછી—ચૈ
અદ્ભુત દશા પછી—ભેદજ્ઞાનની ધારા સહજ વર્તે છે. તેને ગમે તે
—વિકલ્પમાં આવ્યો હોય તોપણ—જ્ઞાતાધારા છૂટતી નથી. જાગતાં
સપનામાં, ખાતાં-પીતાં તેને જ્ઞાયકની ધારા છૂટતી નથી, અને નિર્વિક
તરફ તેની પરિણતિ. તેની દશા પ્રમાણે, સહજ રહે છે. ૬૧.

આત્મામાં જ્ઞાન, આનંદ આદિ અનંતા ગુણો ભરેલા છે. તે
જુદું, અનુપમ ને આશ્ચર્યકારી તત્ત્વ છે. એને ઓળખીને સ્વાનુભૂતિ
તે જ મુક્તિનો મારગ છે. ક્ષણિક પર્યાયો છે તેમાં પણ અટકવા જે
અનાદિ-અનંત શાશ્વત ચૈતન્યદ્રવ્ય કે જે પારિણામિકભાવસ્વરૂપ
ઓળખીને, તેના ઉપર દૃષ્ટિ દઈને બીજા બધા ઉપરથી દૃષ્ટિ ઉ
અંતરદૃષ્ટિ પ્રગટ કરવી આત્માની. ચૈતન્ય....ચૈતન્ય....ચૈતન્ય તરફ
પરિણતિને તેના તરફ લેવી, મતિ અને શ્રુતનો ઉપયોગ જે બહાર
તેને અંતરમાં લાવવો; તે જ કરવાનું છે. આત્મા તરફ પરિણતિને દો
વારંવાર એ જ કરવાનું છે. ૬૨.

* એક ચૈતન્યદેવનો આચાર પ્રગટ થયો—એક દ્રવ્યની દૃષ્ટિ
લીનતા પ્રગટ થઈ—તેમાં જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર બધું
જશે. બહારનાં કામમાં કોઈ માણસ એમ કહી શકે કે આ બધું
એકલો કઈ રીતે કરી શકીશ? પણ અહીં તો આ આત્મા પોતે


આ બધા જે કષાયો-વિભાવો જણાય છે તે જ્ઞેયો
છે, હું તો જ્ઞાયક છું. —પૂ.બહેનશ્રી

બધા—અનંત ગુણોને સ્વયં સ્વતઃ જ પહોંચી વળનારો છે. જીવ બહારના કામની હિંમત કરે છે પરંતુ અંતરના આ કામની હિંમત કરતો નથી! તું એકલો જ અંતરના બધાં કાર્યોને પહોંચી વળનારો, સર્વસ્વ-શક્તિથી ભરેલો છે. ૬૩.

* ગુરુદેવની બીજ (જન્મજયંતી-વૈશાખ સુદ બીજ) ગઈ ને! એટલે બીજના જ ભણકારા વાગે છે. ગુરુદેવનો જન્મ બીજના દિવસે થયો. બીજ પછી પુનમ થાય જ, તેમ ગુરુદેવે અંદરમાં સમ્યક્ત્વની બીજ ઉગાડી છે તો આત્મા પૂર્ણસ્વરૂપ થશે જ. આમ પૂર્ણ શક્તિના લક્ષે ને આમ પૂર્ણવીતરાગતા પ્રગટ કરવાના લક્ષે—આમ દ્રવ્યના લક્ષે ને આમ પૂર્ણતાને પહોંચવાના લક્ષે—પૂર્ણ પર્યાયસ્વરૂપ પુનમ પ્રગટ થાય છે. ૬૪.

* ગુરુદેવ તો સહજ પ્રતાપી પુરુષ હતા. તેમના પ્રતાપે ચારે બાજુ સ્વાનુભૂતિના મીઠા સૂર વાગતા હોય છે. અહીં ચારે બાજુ ગુરુદેવની શીતળ છાયા છવાઈ ગઈ છે. અહીં તો ભગવાનની, જિનેન્દ્ર મંદિરોની ને ગુરુદેવની જ મંગળ છાયામાં રહેવાય છે. જગતમાં આવા ગુરુદેવનું સાન્નિધ્ય મળવું મુશ્કેલ છે. ગુરુદેવ જ્યાં વિચર્યા તે ભૂમિ મળવી મુશ્કેલ છે. ગુરુદેવનું સાન્નિધ્ય અને એમની મંગળ પ્રભા જ્યાં પથરાઈ હોય એ મળવું મુશ્કેલ છે. ૬૫.

* સંક્ષેપમાં, કરવાનું તો એક જ છે—જ્ઞાયકતત્ત્વનો આશ્રય. પૂજ્ય ગુરુદેવે એ જ બતાવ્યું છે. તે જ સારભૂત છે. બાકી બધું નિઃસાર છે. જ્ઞાયકતત્ત્વ કહો, શુદ્ધાત્મદ્રવ્ય કહો, પરમ પારિણામિકભાવ કહો—બધું એક છે. તેનો જ આશ્રય—તેની જ દૃષ્ટિ-જ્ઞાન-રમણતા કરવા જેવી છે, તેનાથી જ સ્વાનુભૂતિથી મુક્તિ સુધીની બધી શુદ્ધપર્યાયો પ્રગટે છે અને શાશ્વત પૂર્ણાનંદની પ્રાપ્તિ થાય છે.

સમ્યક્ માર્ગદર્શક કૃપાળુ ગુરુદેવનો અપાર ઉપકાર છે. ૬૬.

* પંચપરમેષ્ઠીમાં જે આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ—અરિહંત ને સિદ્ધભગવાને તો પૂર્ણતા સાધી લીધી છે, બાકી રહ્યા તે સાધકદશા સાધે

છે—તે તો ક્ષણે ક્ષણે ચૈતન્યમાં વસે છે, ચૈતન્ય વગર તેમને કોઈ ચેન નથી, વારંવાર તેમની પરિણતિ સહજ વળી રહી છે—ચૈતન્યમાં જ જાય છે. તેમની પરિણતિ જ એવી સહજ હોય છે કે તેની ધારા ચૈતન્ય તરફ જ વહ્યા કરે છે. મુનિની ધારા તો ક્ષણે ક્ષણે અંતરમાં જ જાય છે. એવી જ્ઞાતાધારાને એવા જ્ઞાયકને ઓળખવો તે જ જીવનમાં કર્તવ્ય છે. ૬૭.

* રાત ને દિવસ તેની (—આત્માની) ધગશ લાગે, તેની લગની લાગે, તો ભેદજ્ઞાનની ધારા અંદર ચાલે—હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું, વિભાવથી જુદો ને જુદો હું જ્ઞાયક છું. ગોખવા પૂરતું નહિ પણ સ્વભાવને ઓળખીને અંદર ચૈતન્ય ઉપર દૃષ્ટિ કરે, તેનું જ્ઞાન કરે ને તેમાં લીનતા કરે, તો નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થાય. તે માર્ગ બધો પૂજ્ય ગુરુદેવે ખુલ્લો કર્યો છે. ૬૮.

* જ્યાં સુધી અનુભૂતિ ન થાય ત્યાં સુધી તેની શ્રદ્ધા કરે, મહિમા લાવે, તોપણ સારું છે. અનુભૂતિની ભાવના કર. અનુભૂતિ થઈ જાય તે તો ઘણું સુંદર છે, પણ તેના કાંઠે આવી જાય તે પણ સારું છે. તેની સમીપતા થઈ જાય તે પણ રૂડું છે. વિભાવ ને સંયોગની સમીપતા છોડીને, જ્ઞાયકની સમીપતા થઈ જાય તોપણ સારું છે. જ્ઞાયકની સાક્ષાત્ અનુભૂતિ તો લોકોત્તર ચીજ છે. ૬૯.

* બધા પોતાના જીવનમાં એક શુદ્ધાત્મતત્ત્વપ્રવૃત્તિલક્ષણ મોક્ષમાર્ગને અંગીકૃત કરો. અનંત દુઃખથી મુક્ત થવાનો આ જ એક માર્ગ છે. અનંત કાળથી બધા સાધક આ જ એક શુદ્ધાત્મતત્ત્વપ્રવૃત્તિલક્ષણ માર્ગ દ્વારા નિર્વાણને પ્રાપ્ત થયા છે. પ્રવચનસારમાં આવે છે ને!—

શ્રમણો, જિનો, તીર્થંકરો, આ રીતે સેવી માર્ગને,
સિદ્ધિ વર્યા; નમું તેમને, નિર્વાણના તે માર્ગને.

—માટે દુઃખમુક્તિના અભિલાષી બધાય જીવો આ જ એક માર્ગનું ગ્રહણ કરો. ૭૦.

 વિચાર, મંથન બધું જ વિકલ્પરૂપ જ છે. તેનાથી જુદું વિકલ્પાતીત એક ટકતું જ્ઞાયક તત્ત્વ તે આત્મા છે.—પૂ. બહેનશ્રી 

* કૃપાળુ ગુરુદેવ ફરમાવતા હતા કે—'તું આત્મા છો, જ્ઞાન—આનંદાદિ અનંત ગુણોથી ભરપૂર પદાર્થ છો. આત્મપદાર્થ શરીરથી જુદો છે, શુભાશુભ ભાવથી પણ કથંચિત જુદો છે અને ક્ષણિક પર્યાય પૂરતો પણ તે નથી. તે આત્મા જ ગ્રહણ કરવા જેવો છે. એ જ શાંતિ અને સુખ પ્રાપ્ત કરવાનો માર્ગ છે. તું એ માર્ગે જા' ગુરુદેવના આ પાવનકારી ઉપદેશને પૂરા પુરુષાર્થ પૂર્વક આપણે અનુસરીએ કે જેથી આ અનાદિ પરિભ્રમનાં અવર્ણનીય દુઃખોનો ક્ષય કરી સ્વભાવભૂત પરિપૂર્ણ સમાધિસુખને પામીએ. ૭૧.

* ગુરુદેવ પાસેથી જે સાંભળ્યું છે તે ઓગાળવું. ધ્યેય એક શુદ્ધાત્માનું જ રાખવું. તેના જ માટે વાંચન, વિચાર કરવા જેવાં છે. શુદ્ધાત્માને ઓળખી, તેને અવલંબી, તદ્રુપ પરિણતિ કરવાનું ગુરુદેવ કહેતા હતા. જીવ અનાદિ કાળથી શુભાશુભ ભાવ કરતો આવ્યો છે, હવે તો શુદ્ધાત્માને ગ્રહણ કર. અનંત જીવોએ તે શુદ્ધાત્માના માર્ગે ચાલી સ્વાનુભૂતિને સાધીને, અંતર સમાધિને સાધી છે. તું પણ તે જ માર્ગે ચાલ.—આ, ગુરુદેવની શીખ હતી. ૭૨.

* આવા શુદ્ધાત્માને બતાવનારા ગુરુદેવ હતા. ગુરુદેવની મહિમા જેટલી કરીએ તેટલી ઓછી છે. બાકી બધા તેમના ચરણોના દાસ છે. હું તો તેમના ચરણોનો દાસ છું. જે તેમણે બતાવ્યું તે કરવાનું. તેમણે જ આ માર્ગ બતાવ્યો છે, ને તે માર્ગે ચાલવું તે જ જીવનનું કર્તવ્ય છે. ૭૩.

—o—

* ચૈતન્યની કોઈ અદ્‌ભુતતા ને અનુપમતા બતાવવાવાળા એક ગુરુદેવ જ હતા. ગુરુદેવ સ્વર્ગપુરીમાં બિરાજે છે. આ ભરતક્ષેત્રમાં ગુરુદેવ 'ભગવાન! ભગવાન!' કરતા હતા; તેમને તો ભગવાન મળી ગયા. ગુરુદેવે જે બતાવ્યું તેનો પ્રયત્ન કરવો જોઈએ. કરવાનું તો પોતાને છે, ગુરુદેવે જે કહ્યું છે તે જ કરવાનું છે. આપણે તો તેમની આગળ શીખ્યાં છીએ, એક ગુરુદેવે જ બધું શિખડાવ્યું છે. 'અંતરમાં આત્મા છે,' તે કેમ પ્રાપ્ત થાય? કેવળજ્ઞાન કેમ થાય?—બધો માર્ગ તેમણે સ્પષ્ટ કર્યો; અપૂર્વ માર્ગ તેમણે પ્રગટ કર્યો. ગુરુદેવની વાણી જ એવી હતી કે પુરુષાર્થ ઊપડે ને આત્માની પ્રાપ્તિ થાય. ગુરુદેવની અપાર કૃપા હતી; તેમણે ભવનો અભાવ કરાવ્યો.

—પૂજ્ય બહેનશ્રી

# * ઋદ્ધિપ્રાપ્ત ઋષિવરોની ઋદ્ધિનું સ્વરૂપ *

ઋદ્ધિપ્રાપ્તઆર્યના આઠ પ્રકાર છેઃ—૧–બુદ્ધિ, ૨–ક્રિયા, ૩–વિક્રિયા, ૪–તપ, ૫–બળ, ૬–ઔષધ, ૭–રસ અને ૮–ક્ષેત્ર. આ આઠ ઋદ્ધિઓનું સ્વરૂપ કહેવાય છેઃ—

(૧) બુદ્ધિઋદ્ધિનું સ્વરૂપઃ—બુદ્ધિઋદ્ધિના અઢાર પ્રકાર છેઃ— ૧–કેવળજ્ઞાન, ૨–અવધિજ્ઞાન, ૩–મનઃપર્યયજ્ઞાન, ૪–બીજબુદ્ધિ, ૫–કોષ્ટબુદ્ધિ, ૬–પદાનુસારિણી, ૭–સંભિન્નશ્રોતૃત્વ, ૮–દૂરાસ્વાદન સમર્થતા, ૯–દૂરદર્શન સમર્થતા, ૧૦–દૂરસ્પર્શન સમર્થતા, ૧૧–દૂરઘ્રાણ સમર્થતા, ૧૨–દૂરશ્રોતૃ સમર્થતા, ૧૩–દશપૂર્વિત્વ, ૧૪–ચતુર્દશપૂર્વિત્વ, ૧૫–અષ્ટાંગનિમિત્તિતા, ૧૬–પ્રજ્ઞાશ્રમણત્વ, ૧૭–પ્રત્યેકબુદ્ધતા અને ૧૮–વાદિત્વ. તેમનું સ્વરૂપ નીચે મુજબ છેઃ—

૧–૩. કેવળજ્ઞાન–અવધિજ્ઞાન–મનઃપર્યયજ્ઞાન—આ ત્રણેનું સ્વરૂપ મોક્ષશાસ્ત્રના અધ્યાય ૧, સૂત્ર ૨૧ થી ૨૫ તથા ૨૭ થી ૩૦ સુધીમાં જોઈ લેવું.

૪. બીજબુદ્ધિઃ—એક બીજપદને (મૂળપદને) ગ્રહણ કરવાથી અનેક પદ અને અનેક અર્થનું જાણવું તે બીજબુદ્ધિ છે.

૫. કોષ્ટબુદ્ધિઃ—જેમ કોઠારમાં નાખેલ ધાન્ય, બીજ વગેરે ઘણા કાળ સુધી જેમનાં તેમ રહે, વધે ઘટે નહિ, પરસ્પર મળે નહિ તેમ પરના ઉપદેશથી ગ્રહણ કરેલ ઘણા શબ્દો, અર્થ, બીજ જે બુદ્ધિમાં જેમ ને તેમ રહે–એક અક્ષર તથા અર્થ વધેઘટે નહિ આગળ–પાછળ અક્ષર થાય નહિ તે કોષ્ટબુદ્ધિ છે.

૬. પદાનુસારિણી બુદ્ધિઃ—ગ્રંથની શરૂઆત, મધ્ય અગર અંતનું એક પદનું શ્રવણ કરી સમસ્ત ગ્રંથ તથા તેના અર્થનો નિશ્ચય કરવો તે પદાનુસારિણીબુદ્ધિ છે.

૭. સંભિન્નશ્રોતૃત્વ બુદ્ધિઃ—ચક્રવર્તીની છાવણી બાર યોજન લાંબી અને નવ યોજન પહોળી પડી હોય છે, તેમાં હાથી, ઘોડા, ઊંટ, મનુષ્યાદિના જુદાજુદા પ્રકારના અક્ષર–અનક્ષરાત્મક શબ્દો એક વખતે યુગપત્ ઊપજે છે; તેને તપ વિશેષના કારણે (આત્માના બધા પ્રદેશોએ શ્રોત્રેન્દ્રિયાવરણકર્મનો ક્ષયોપશમ થતાં) એક કાળે જુદા જુદા શ્રવણ કરે (સાંભળે) તે સંભિન્નશ્રોતૃત્વબુદ્ધિ છે.

૮. દૂરાસ્વાદન સમર્થતાબુદ્ધિઃ—તપવિશેષતા કારણે (પ્રગટ થતા અસાધારણ રસનેન્દ્રિય શ્રુતજ્ઞાનાવરણ, વીર્યાંતરાયના ક્ષયોપશમ અને અંગોપાંગનામકર્મના ઉદયથી) મુનિને રસનો જે વિષય નવ યોજન પ્રમાણ હોય, તેના રસાસ્વાદનું (રસને જાણવાનું) સામર્થ્ય હોય તે દૂરાસ્વાદન સમર્થતાબુદ્ધિ છે.

૯–૧૨. દૂરદર્શન–સ્પર્શન–ઘ્રાણ–શ્રોતૃ સમર્થતાબુદ્ધિઃ—ઉપર મુજબ ચક્ષુરિન્દ્રિય

સ્પર્શનેન્દ્રિય ઘ્રાણેન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિયના વિષયના ક્ષેત્રથી બહાર ઘણાં ક્ષેત્રનાં રૂપ, સ્પર્શ, ગંધ અને શબ્દને જાણવાનું સામર્થ્ય હોવું તે. તે તે નામની ચાર પ્રકારની બુદ્ધિ છે.

૧૩. દશપૂર્વિત્વ બુદ્ધિઃ—મહારોહિણી વગેરે વિદ્યાદેવતા ત્રણ વાર આવે અને દરેક પોતપોતાનું સ્વરૂપસામર્થ્ય પ્રગટ કરે એવી વેગવાન વિદ્યાદેવતાના લોભાદિથી જેનું ચારિત્ર ચલાયમાન ન થાય તે દશપૂર્વિત્વબુદ્ધિ છે.

૧૪. ચતુર્દશપૂર્વિત્વબુદ્ધિઃ—સંપૂર્ણ શ્રુતકેવળીપણું હોવું તે ચતુર્દશપૂર્વિત્વબુદ્ધિ છે.

૧૫. અષ્ટાંગ નિમિત્તતાબુદ્ધિઃ—અંતરિક્ષ, ભૌમ, અંગ, સ્વર, વ્યંજન, લક્ષણ, છિન્ન અને સ્વપ્ન એ આઠ પ્રકારનું નિમિત્તજ્ઞાન છે, તેનું સ્વરૂપ નીચે મુજબ છેઃ—

સૂર્ય અને ચંદ્ર નક્ષત્ર ઉદય-અસ્તાદિક દેખી અતીત-અનાગત ફળનું જાણવું તે અંતરિક્ષ નિમિત્તજ્ઞાન છે ૧. પૃથ્વીની કઠોરતા, કોમળતા, ચીકાશ કે કોમળતા, ચીકાશ કે લુખાશ દેખી, વિચાર કરી અગર પૂર્વાદિક દિશામાં સૂત્ર પડતાં દેખી હાનિ-વૃદ્ધિ જય-પરાજય વગેરે જાણવું તથા ભૂમિમાં રહેલાં સુવર્ણ, રૂપું વગેરેનું પ્રગટ જાણવું તે ભૌમનિમિત્તજ્ઞાન છે ૨. અંગ ઉપાંગાદિના દર્શન-સ્પર્શનાદિથી ત્રિકાળભાવી સુખ-દુઃખાદિ જાણવું તે અંગનિમિત્તજ્ઞાન છે ૩. અક્ષર-અનક્ષરરૂપ તથા શુભ-અશુભને સાંભળી ઇષ્ટાનિષ્ટ ફળનું જાણવું તે સ્વરનિમિત્તજ્ઞાન છે ૪. મસ્તક, મુખ, ડોક વગેરે ઠેકાણે તલ, તુસલ, લાખ ઇત્યાદિ લક્ષણ દેખીને ત્રિકાળ સંબંધી હિત-અહિતનું જાણવું તે વ્યંજન નિમિત્તજ્ઞાન છે ૫. શરીર ઉપર શ્રીવૃક્ષ, સ્વસ્તિક, કલશ વગેરે ચિહ્ન દેખીને ત્રિકાળ સંબંધી પુરુષનાં સ્થાન, માન, ઐશ્વર્યાદિક વિષયોનું જાણવું તે લક્ષણ નિમિત્તજ્ઞાન છે. ૬. વસ્ત્ર-શસ્ત્ર-આસન-શયનાદિકથી, દેવ-મનુષ્ય-રાક્ષસાદિથી તથા શસ્ત્ર કંટકાદિથી છેદાય તેને દેખીને ત્રિકાલ-સંબંધી લાભ-અલાભ, સુખ-દુઃખનું જાણવું તે છિન્નનિમિત્ત જ્ઞાન છે ૭. વાત, પિત્ત શ્લેષ્મરહિત પુરુષને મુખમાં પાછલી રાત્રે ચંદ્રમા, સૂર્ય, પૃથ્વી, પર્વત કે સમુદ્રનું પ્રવેશાદિ થવું-એવું સ્વપ્ન તે શુભસ્વપ્ન છે, ઘી-તેલથી પોતાનો દેહ લેપાયેલ અને ગધેડા-ઊંટ ઉપર ચઢી દક્ષિણ દિશામાં ગમન ઇત્યાદિ કરે-એવું સ્વપ્ન તે અશુભ સ્વપ્ન છે, તેના દર્શનથી આગામી કાળમાં જીવન-મરણ, સુખ-દુઃખાદિનું જ્ઞાન થવું તે સ્વપ્ન નિમિત્તજ્ઞાન છે ૮. આ આઠ પ્રકારના નિમિત્ત-જ્ઞાનના જે જ્ઞાતા હોય તેને અષ્ટાંગનિમિત્તબુદ્ધિ ઋદ્ધિ છે.

૧૬. પ્રજ્ઞાશ્રમણત્વબુદ્ધિઃ—કોઈ અતિસૂક્ષ્મ અર્થના સ્વરૂપનો વિચાર જેવો હોય તેવો ચૌદ પૂર્વધર જ નિરૂપણ કરી શકે, અન્ય ન કરી શકે; એવા સૂક્ષ્મ અર્થને જે સંદેહ રહિત નિરૂપણ કરે એવી પ્રકૃષ્ટ શ્રુતજ્ઞાનાવરણ અને વીર્યાંતરાયના ક્ષયોપશમથી પ્રગટ થયેલી પ્રજ્ઞાશક્તિ તે પ્રજ્ઞાશ્રમણત્વબુદ્ધિ છે.

૧૭. પ્રત્યેકબુદ્ધિતાબુદ્ધિ:—પરના ઉપદેશ વિના જે પોતાની શક્તિવિશેષથી જ્ઞાન-સંયમના વિધાનમાં નિપુણ હોય તે પ્રત્યેકબુદ્ધિતાબુદ્ધિ છે.

૧૮. વાદિત્વબુદ્ધિ:—ઇન્દ્ર વગેરે આવીને વાદ કરે તેને નિરુત્તર કરી દે, પોતે રોકાય નહિ અને સામા વાદીના છિદ્રને જાણી લે એવી શક્તિ તે વાદિત્વબુદ્ધિ છે.

એ પ્રમાણે આઠ ઋદ્ધિઓમાંથી પહેલી બુદ્ધિઋદ્ધિના અઢાર પ્રકાર છે. આ બુદ્ધિઋદ્ધિ સમ્યગ્જ્ઞાનનો મહાન મહિમા જણાવે છે.

## (૨) બીજી ક્રિયાઋદ્ધિનું સ્વરૂપ:—

ક્રિયાઋદ્ધિ બે પ્રકારની છે—૧. આકાશગામિત્વ અને ૨. ચારણ.

૧. ચારણઋદ્ધિ અનેક પ્રકારની છે. જળ ઉપર પગ મૂકતાં ઉપાડતાં જળકાયિક જીવોને બાધા ન ઊપજે તે જલચારણઋદ્ધિ છે. ભૂમિથી ચાર આંગળ ઊંચા આકાશમાં શીઘ્રતાથી સેંકડો યોજન ગમન કરવામાં સમર્થતા તે જંઘાચારણઋદ્ધિ છે. તેમ જ તંતુચારણ, પુષ્પચારણ, શ્રેણીચારણ, અગ્નિશિખાચારણ ઇત્યાદિ ચારણઋદ્ધિ છે. પુષ્પ, ફળ વગેરે ઉપર ગમન કરવાથી તે પુષ્પ, ફળ વગેરેના જીવોને બાધા ન થાય તે સમસ્ત ચારણઋદ્ધિ છે.

૨. આકાશગામિત્વવિક્રિયાઋદ્ધિ—પર્યંક આસને બેસી વા કાયોત્સર્ગ આસન કરી, પગને ઉપાડયા-મેલ્યા વગર આકાશમાં ગમન કરવામાં કુશળ હોય તે આકાશગામિત્વક્રિયા ધારક છે.

## (૩) ત્રીજી વિક્રિયાઋદ્ધિનું સ્વરૂપ:—

વિક્રિયાઋદ્ધિના અનેક પ્રકારો છે. ૧. અણિમા, ૨. મહિમા, ૩. લઘિમા, ૪. ગરિમા, ૫. પ્રાપ્તિ, ૬. પ્રાકામ્ય, ૭. ઇશિત્વ, ૮. વશિત્વ, ૯. અપ્રતિઘાત, ૧૦. અંતર્ધાન, ૧૧. કામરૂપિત્વ વગેરે અનેક છે. તેનું સ્વરૂપ નીચે પ્રમાણે છે—

અણુમાત્ર શરીર કરવાનું સામર્થ્ય તે અણિમાઋદ્ધિ છે, તે કમળના છિદ્રમાં પ્રવેશ કરી ત્યાં બેસી ચક્રવર્તીની વિભૂતિ રચે-૧. મેરુથી પણ મહાન શરીર કરવાનું સામર્થ્ય તે મહિમાઋદ્ધિ-૨. પવનથી પણ હલકું શરીર કરવાનું સામર્થ્ય તે લઘિમાઋદ્ધિ-૩. વજ્રથી પણ અતિ ભારે શરીર કરવાનું સામર્થ્ય તે ગરિમાઋદ્ધિ-૪. ભૂમિમાં બેસી આંગળીને અગ્ર કરી મેરુપર્વતના શિખર તથા સૂર્ય-વિમાનાદિને સ્પર્શન કરવાનું સામર્થ્ય તે પ્રાપ્તિઋદ્ધિ-૫. જળમાં જમીનને ઉન્મજ્જન ( ઉપર લાવવી ) તેમ જ નિમજ્જન ( બુડાડવી ) એવું સામર્થ્ય તે પ્રાકામ્યઋદ્ધિ-૬. ત્રિલોકનું પ્રભુપણું રચવાનું સામર્થ્ય તે ઇશિત્વઋદ્ધિ-૭. દેવ, દાનવ, મનુષ્ય વગેરેને વશીકરણ કરવાનું સામર્થ્ય તે વશિત્વઋદ્ધિ. ૮. પર્વતાદિકની અંદર આકાશની જેમ ગમન-આગમનનું સામર્થ્ય તે

અપ્રતિઘાતઋદ્ધિ-૯. અદૃશ્ય હોવાનું સામર્થ્ય તે અંતર્ધાનઋદ્ધિ-૧૦. યુગપત્ અનેક આકારરૂપ શરીર કરવાનું સામર્થ્ય તે કામરૂપિત્વઋદ્ધિ-૧૧. આ વગેરે અનેક પ્રકારની વિક્રિયાઋદ્ધિ છે.

### (૪) ચોથી તપઋદ્ધિ:—

તપઋદ્ધિ સાત પ્રકારની છે—૧. ઉગ્રતપ, ૨. દીપ્તિતપ, ૩. નિહારતપ, ૪. મહાનતપ, ૫. ઘોરતપ, ૬. ઘોરપરાક્રમતપ અને ૭. ઘોરબ્રહ્મચર્યતપ, તેનું સ્વરૂપ નીચે મુજબ છે—

એક ઉપવાસ, બે-ત્રણ-ચાર-પાંચ વગેરે ઉપવાસ નિમિત્તે કોઈ યોગનો આરંભ કર્યો તો મરણ પર્યંત તે ઉપવાસથી ઓછા દિવસે પારણું ન કરે, કોઈ કારણથી અધિક ઉપવાસ થઈ જાય તો મરણપર્યંત તેનાથી ઓછા ઉપવાસ કરી પારણું ન કરે-આવું સામર્થ્ય પ્રગટ હોવું તે ઉગ્રતપઋદ્ધિ-૧. મહાન ઉપવાસાદિક કરતાં મન-વચન-કાયનું બળ વધતું જ રહે, મુખ દુર્ગંધરહિત રહે, કમળાદિકની સુગંધ જેવો સુગંધી શ્વાસ નીકળે અને શરીરની મહાન દીપ્તિ પ્રગટ થાય તે દીપ્તિઋદ્ધિ-૨. તપેલી લોઢાની કડાઈમાં પડતાં પાણીનાં ટીપાં જેમ સુકાઈ જાય તેમ આહાર પચી જાય, સુકાઈ જાય અને મળ, રુધિરાદિરૂપ ન પરિણમે, તેથી નિહાર ન થાય આવું હોવું તે નિહારતપ-ઋદ્ધિ ૩. સિંહક્રીડિતાદિ મહાન તપ કરવામાં તત્પર હોવું તે મહાનતપઋદ્ધિ ૪. વાત, પિત્ત, શ્લેષ્મ વગેરેથી ઊપજેલ જ્વર, ઉધરસ, શ્વાસ, શૂળ, કોઢ, પ્રમેહાદિક અનેક પ્રકારના રોગવાળું શરીર હોવા છતાં પણ અનશન, કાય-કલેશાદિ છૂટે નહિ અને ભયાનક સ્મશાન, પર્વતનું શિખર, ગુફા, ખંડિયેર, ઉજ્જડ ગામ વગેરેમાં દુષ્ટ રાક્ષસ, પિશાચાદિ પ્રવર્તે અને માઠા વિકાર ધારણ કરે તથા શિયાળનાં કઠોર રુદન, સિંહ-વાઘ વગેરે દુષ્ટ જીવોના ભયાનક શબ્દ જ્યાં નિરંતર પ્રવર્તે એવા ભયંકર સ્થાનમાં પણ નિર્ભય થઈ વસે તે ઘોરતપઋદ્ધિ—૫. પૂર્વે કહ્યું તેવું રોગરહિત શરીર હોવા છતાં અતિ ભયંકર સ્થાનમાં વસીને યોગ (સ્વરૂપની એકાગ્રતા) વધારવાની તત્પરતા હોવી તે ઘોરપરાક્રમ-ઋદ્ધિ—૬. ઘણા કાળથી બ્રહ્મચર્યના ધારક મુનિને અતિશય ચારિત્રના જોરથી (મોહનીય-કર્મનો ક્ષયોપશમ થતાં) ખોટાં સ્વપ્નાંઓનો નાશ થવો તે ઘોર બ્રહ્મચર્યતપઋદ્ધિ છે. ૭. આ પ્રમાણે સાત પ્રકારની તપઋદ્ધિ છે.

### (૫) પાંચમી બળઋદ્ધિનું સ્વરૂપ:—

બળઋદ્ધિના ત્રણ પ્રકાર છે:—૧. મનોબળઋદ્ધિ, ૨. વચનઋદ્ધિ અને ૩. કાળ બળઋદ્ધિ. તેનું સ્વરૂપ નીચે પ્રમાણે છે—પ્રકર્ષ પુરુષાર્થથી મનઃશ્રુતજ્ઞાનાવરણ અને વીર્યાંતરાયનો ક્ષયોપશમ થતાં અંતર્મુહૂર્તમાં સંપૂર્ણ શ્રુત અર્થના ચિંતનનું સામર્થ્ય તે મનોબળઋદ્ધિ—૧. અતિશય પુરુષાર્થથી મન-ઇન્દ્રિય શ્રુતાવરણ તથા જિહ્વાશ્રુત-જ્ઞાનાવરણ અને વીર્યાંતરાયનો ક્ષયોપશમ થતાં અંતર્મુહૂર્ત સકળશ્રુતનું ઉચ્ચારણ

કરવાનું સામર્થ્ય હોવું તથા નિરંતર ઉચ્ચસ્વરથી બોલતાં ખેદ ઊપજે નહિ, કંઠ સ્વરભંગ થાય નહિ તે વચનબળઋદ્ધિ—૨. વીર્યાંતરાયના ક્ષયોપશમથી અસાધાર કાયબળ પ્રગટે અને એક માસ, ચારમાસ કે બારમાસ પ્રતિમાયોગ ધારણ કરતાં ખેદ ન થાય તે કાયબળઋદ્ધિ—૩.

### (૬) છઠ્ઠી ઔષધિઋદ્ધિનું સ્વરૂપ:—

ઔષધઋદ્ધિ આઠ પ્રકારની છે:—૧. આમર્ષ, ૨. ક્ષેલ, ૩. જળ, ૪. મળ, ૫. વિ ૬. સર્વ, ૭. આસ્યાવિષ અને ૮. દૃષ્ટિવિષ. તેનું સ્વરૂપ નીચે પ્રમાણે છે—

અસાધ્યરોગ હોય તોપણ જેના હાથ–ચરણાદિનો સ્પર્શ થતાં જ સર્વ રોગ જા તે આમર્ષઔષધઋદ્ધિ—૧. જેના થૂંક, લાળ, કફાદિનો સ્પર્શ થતાં જ રોગ મટી જા તે ક્ષેલઔષધઋદ્ધિ—૨. જેના દેહના પરસેવાનો સ્પર્શ થતાં જ રોગ મટી જાય તે જળ ઔષધઋદ્ધિ—૩. જેનાં કાન, દાંત, નાક અને નેત્રનો મળ જ સર્વ રોગનું નિરાકરણ કરવામાં સમર્થ હોય તે મળઔષધઋદ્ધિ—૪. જેનો વીટ–ઝાડો તથા મૂત્ર જ ઔષધરૂ હોય તે વીટઔષધઋદ્ધિ—૫. જેના અંગ–ઉપાંગ, નખ, દાંત, કેશાદિકનો સ્પર્શ થત જ સમસ્ત રોગને હરે તે સર્વૌષધઋદ્ધિ—૬. તીવ્ર ઝેરમાં મળેલો આહાર પણ જેન મુખમાં જતાં ઝેર રહિત થઈ જાય તથા વિષથી વ્યાપ્ત જીવનું ઝેર જેના વચનથી જ ઊતરી જાય તે આસ્યવિષઔષધઋદ્ધિ—૭. જેને દેખવાથી મહાન વિષધારી જીવનુ વિષ જતું રહે તથા કોઈને ઝેર ચડ્યું હોય તો તે ઊતરી જાય–એવી ઋદ્ધિ તે દૃષ્ટિ-વિષઋદ્ધિ છે—૮. આ પ્રમાણે આઠ પ્રકારની ઔષધઋદ્ધિ છે

### (૭.) સાતમી રસઋદ્ધિનું સ્વરૂપ:—

રસઋદ્ધિના છ પ્રકાર છે:—૧. આસ્યવિષ, ૨. દૃષ્ટિવિષ, ૩. ક્ષીર, ૪. મધુસ્રાવી ૫. ઘૃતસ્રાવી અને ૬. અમૃતસ્રાવી. તેનું સ્વરૂપ નીચે પ્રમાણે છે—

પ્રકૃષ્ટ તપવાળા યોગી કદાચિત્ ક્રોધી થઈ કહે કે 'તું મરીજા,' તો તત્કાળ વિષ ચડીને મરી જાય તે આસ્યવિષરસઋદ્ધિ–૧. કદાચિત્ ક્રોધરૂપી દૃષ્ટિ દેખી મરી જાય તે દૃષ્ટિવિષરસઋદ્ધિ–૨. વીતરાગી મુનિને એવું સામર્થ્ય હોય કે તેઓ ક્રોધાદિકને પ્રાપ્ત ન થાય અને તેમના હાથમાં આવેલ વિરસભોજન ક્ષીરરસરૂપે થઈ જાય તથા જેનું વચન દુર્બલને ક્ષીરની જેમ પુષ્ટ કરે તે ક્ષીરરસઋદ્ધિ–૩. ઉપરના પ્રસંગમાં તે ભોજન મિષ્ટરસ-રૂપે પરિણમી જાય તે મધુસ્રાવીરસઋદ્ધિ–૪. તેમ જ તે ભોજનઘૃતરસરૂપે પરિણમી જાય તે ઋદ્ધિ ઘૃતસ્રાવીરસઋદ્ધિ–૫. તેમ જ તે ભોજન અમૃતરસરૂપે પરિણમી જાય તે અમૃતસ્રાવીરસઋદ્ધિ–૬. આ પ્રમાણે છ પ્રકારની રસઋદ્ધિ છે.

### (૮) આઠમી ક્ષેત્રઋદ્ધિનું સ્વરૂપ:—

ક્ષેત્રઋદ્ધિ બે પ્રકારની છે:—૧. અક્ષીણમહાન અને ૨. અક્ષીણમહાલય. તેનું સ્વરૂપ નીચે પ્રમાણે છે:—

લાભાંતરાયના પ્રકૃષ્ટ ક્ષયોપશમથી અતિ સંયમવાન મુનિને જે ભાજનમાંથી ભોજન આપે તે ભાજનમાંથી ચક્રવર્તીનું સમસ્ત સૈન્ય ભોજન કરે તોપણ તે દિવસે ભોજનસામગ્રી ન ઘટે તે અક્ષીણમહાનક્ષેત્રઋદ્ધિ-૧. ઋદ્ધિસહિત મુનિ જે સ્થાનમાં બેસે ત્યાં દેવ, રાજા, મનુષ્યાદિક ઘણા આવીને બેસે તોપણ ક્ષેત્ર સાંકડું ન પડે, બાધા ન થાય તે અક્ષીણ-મહાલયક્ષેત્રઋદ્ધિ છે. આ પ્રમાણે બે પ્રકારની ક્ષેત્રઋદ્ધિ છે.

[ —તત્ત્વાર્થસૂત્રમાંથી ]

—○—

[ અનુસંધાન પૃષ્ઠ ૩૧ થી ચાલુ ]

સમસ્ત વિકલ્પજાળ—એ બધો બગાડ માત્ર પર્યાયમાં છે, ત્રિકાળી સ્વભાવ તો તે સમસ્ત પર્યાયવિકાર રહિત શુદ્ધ વિજ્ઞાનઘન છે. તેને જો—તેનો આશ્રય કર.

જેવો તું છો તેવો જ તું અંતરમાં પ્રગટ થઈ જઈશ. એ શું કહ્યું? તારું સ્વરૂપ પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ શાંતિ, પૂર્ણ વીતરાગતા આદિ અનંત ગુણસમૃદ્ધિથી ભરચક છે. તું રુચિને અંતર્મુખ વાળીને તેને જો, તો તારી પર્યાયમાં તું જેવો છો તેવો જ પ્રગટ થઈ જઈશ. અરેરે! જીવે આ વાત અનાદિ કાળના પરિભ્રમણમાં કદી સાંભળી નથી—પોતાને ક્યારેય જોયો નથી; જોયો હોય તો પરિભ્રમણ રહે નહિ. ભાઈ! અંદર કોઈ વસ્તુ છે કે નહિ? તત્ત્વ છે ને? તે તત્ત્વ પૂર્ણ વિજ્ઞાનઘન-આનંદઘન છે. તારી જે પર્યાય પરવસ્તુને જ્ઞેય બનાવીને જુએ છે તેને અંતરમાં વાળીને સ્વવસ્તુને—જ્ઞાયકદ્રવ્યને—જો. જેમાં અપવિત્રતાનો, અપૂર્ણતાનો કે પૂર્ણતાના ભેદનો અંશ પણ નથી એવા પરમપવિત્ર, પરિપૂર્ણ, અભેદ જ્ઞાયકતત્ત્વને અંતરમાં જો, તો તું પર્યાયમાં પણ એવો જ પ્રગટ થઈ જઈશ. અંતરમાં જે શક્તિ છે તેની પૂર્ણ વ્યક્તતા થઈ જશે.

'તું મોટો દેવાધિદેવ છો.'

ભગવાન આત્મા પૂર્ણ સચ્ચિદાનંદ દેવાધિદેવ છે. આત્મા વસ્તુ છે ને? જે વસ્તુ હોય તે સ્વભાવે અશુદ્ધ ન હોય, ઊણી ન હોય, તેને આવરણ ન હોય; જ્ઞાયકવસ્તુ પણ આનંદ આદિ અનંત ગુણમય પોતાની પ્રભુતાથી ભરેલું પરિપૂર્ણ તત્ત્વ છે. પ્રભુ! તું તેને ભૂલી ગયો છો. આ દેહ છે તે માટીનો—ધૂળનો છે, તે આત્મા નથી કે આત્મામાં નથી; વળી જે આ દયા-દાન, કામ-ક્રોધના વિકલ્પો ઊઠે છે એ તો વિકાર છે, એ કાંઈ આત્મા નથી; એ તો નથી પણ અલ્પજ્ઞ પર્યાયપણે પણ આત્મા નથી. એ બધો તો પરના સંબંધે પર્યાયમાં થતો વ્યવહાર–અંશ છે, ખંડખંડ ભાગ છે. અંદર જે અખંડ જ્ઞાયક દેવાધિદેવ બિરાજે છે તેની તને ખબર નથી.

લીંડીપીપરનો દાણો રંગે કાળો, કદે નાનો અને સ્વાદે અલ્પ તીખાશવાળો હોવા

છતાં તેનામાં ૬૪ પહોરી તીખાશની—પૂર્ણ તીખાશની શક્તિ સદા ભરપૂર છે. દૃષ્ટાન્તે, આત્મા પણ કદે શરીરપ્રમાણ અને ભાવે અલ્પજ્ઞ હોવા છતાં તેનામાં પરિપૂ સર્વજ્ઞસ્વભાવ, આનંદસ્વભાવ ભરેલો છે. અહો! તું તેને એક વાર તો જો! તું એ વાર તો સિંહગર્જના કર કે 'અત્યારે જ હું પૂર્ણાનંદકંદ, સર્વજ્ઞસ્વભાવથી પરિપૂ તત્ત્વ છું.' ભાઈ! તું મોટો દેવાધિદેવ છો. દેવોના સ્વામી જે ઇન્દ્રો તેમનો પણ દેવ છો. તારી આધ્યાત્મિક દિવ્યતાઓ પાસે ઇંદ્રોની વિભૂતિ પાણી ભરે છે—અત્ય તુચ્છ છે; માટે તું દેવાધિદેવ છો. અહો! સત્તર વર્ષની ઉંમરે પાલેજમાં રામલી જોવા ગયો હતો. તે જોઈને મને અંતરમાં વૈરાગ્યની ધૂન ચડી ગઈ. એ વૈરાગ્ય ધૂનમાં છ કડીનું એક કાવ્ય રચાઈ ગયું હતું. તેની પ્રથમ પંક્તિ હતી : 'શિવરમ રમનાર તું, તું હી દેવનો દેવ'. ત્યારે તો 'દેવનો દેવ' એટલે શું—એની વિશે ખબર નહોતી; પણ 'હું પૂર્ણ દેવાધિદેવ છું' એવા સંસ્કાર અંતરમાંથી આવ્યા હત અરેરે! આત્મા સ્વયં જ્ઞાયક દેવાધિદેવ છે—એવી વાત પણ સંપ્રદાયમાં સાંભળવા મ નહિ. આખો સંપ્રદાય બહારના ક્રિયાકાંડમાં ને શુભભાવમાં ગૂંચવાઈ ગયો છે, મને નાની ઉંમરમાં અંદરથી જ એવા ભણકાર આવ્યા હતા કે—આત્મા શિવરમણીને રમનાર દેવાધિદેવ છે. તું ચામડાંની સ્ત્રી સાથે નહિ પણ મોક્ષરમણી સાથે રમનાર મોટો દેવાધિદેવ છો.

'તેની પ્રગટતા માટે ઉગ્ર પુરુષાર્થ અને સૂક્ષ્મ ઉપયોગ કર.

જેનાથી મોક્ષરમણી રમનાર એવો નિજ જ્ઞાયક દેવાધિદેવ પકડાય—પ્રગટ થા એવો તીખો પુરુષાર્થ અને સૂક્ષ્મ ઉપયોગ કર. પરલક્ષે જે શુભાશુભ ભાવ થાય છે તો અત્યંત સ્થૂળ છે, તેના વડે આત્મા નહિ પકડાય—નહિ જણાય. ભગવાન આત્માને જાણવા—અનુભવવા માટે સ્વસન્મુખતાનો ઉગ્ર પુરુષાર્થ અને સૂક્ષ્મ ઉપયોગ કરવો પડશે. આત્મામાં એક વીર્ય નામનો—પુરુષાર્થ નામનો—ગુણ છે. સ્વરૂપની રચના કરવ તે તેનું કાર્ય છે. પૂર્ણ જ્ઞાનાનંદસ્વરૂપની પર્યાયમાં રચના—પ્રગટતા થાય એવો તીખ પુરુષાર્થ કર. દયા–દાન આદિ વિભાવની રચના થાય તે તો નપુંસકતા છે, નપુંસકને જેમ પ્રજા ન હોય તેમ શુભભાવરૂપ નપુંસકતાથી ધર્મરૂપ પ્રજા ન થાય. અંદર પર્યાયમ શુદ્ધતાની રચના કરે તે જ સાચો પુરુષાર્થ છે અને જે અંતર સ્વસન્મુખતા કરે તે જ સૂક્ષ્મ ઉપયોગ છે. દેવાધિદેવ એવા તારા ચૈતન્યપ્રભુની પ્રગટતા માટે તું અંતર્મુખ થઈને તીખો પુરુષાર્થ અને ઝીણો ઉપયોગ કર.

ભગવાન આત્મા, જેની સંખ્યાને કોઈ આરો નથી એવા જ્ઞાન ને આનંદ આદિ અનંત અનંત ગુણોનો મહાસાગર છે. તેનું સ્વરૂપ બહુ સૂક્ષ્મ છે. સ્થૂલ પરલક્ષી ઇન્દ્રિયજ્ઞાનથી કે શુભાશુભ ભાવથી લક્ષગત થાય એવું નથી. તેને લક્ષગત કરવા માટે અંદરમાં તીખી લગની અને સૂક્ષ્મ ઉપયોગ કર. આ વાત સમજવામાં અઘરી પડે

એટલે લોકોને એમ લાગે કે આમાં વ્યવહાર ઊડી જાય છે. અરે, સાંભળને પ્રભુ! તું વ્યવહાર કોને કહે છે? શું રાગ ને શરીરની ક્રિયા વ્યવહાર છે? રાગ ને શરીરની ક્રિયા એ તારું સ્વરૂપ નથી, તારા સ્વરૂપમાં નથી, તેનાથી તારા આત્માને ધર્મનો જરીયે લાભ નથી. જીવનો જે ઉપયોગ સૂક્ષ્મ થઈને ઉગ્ર પુરુષાર્થ વડે નિજ જ્ઞાયકભાવનો આશ્રય કરે તે જ ધર્મ છે. ચૈતન્યપ્રકાશના નૂરનું પૂર એવું જે નિજ શુદ્ધાત્મદ્રવ્ય તેને પકડવા માટે પ્રભુ! ઉપયોગ—જ્ઞાનનો પ્રયોગ—સૂક્ષ્મ જોઈશે. અને તેનો આશ્રય કરવા માટે વીર્ય—સ્વસન્મુખતાનો પુરુષાર્થ—ઉગ્ર જોઈશે. અહાહા! આવી વાતો છે ભગવાનના ઘરની.

અરેરે! જગત આખું દયા-દાન ને વ્રત-તપ વગેરે વ્યવહારના—વિભાવના રસમાં પડ્યું છે. પ્રભુ! એ વિભાવભાવ આત્માનો રસ નથી. એ તો ઠીક, પણ જ્ઞાનની જે વર્તમાન દશા કેવળ પરસન્મુખ થઈને શાસ્ત્ર વગેરે જાણવાનું કામ કરે છે તે પણ સ્થૂળ છે, તેનાથી આત્મા લક્ષગત થતો નથી. જ્ઞાનની જે દશા સ્વસન્મુખ થઈ સ્વને—જ્ઞાયકને પકડવાનું કામ કરે તે ઉપયોગ સૂક્ષ્મ છે. ઉપયોગને સૂક્ષ્મ કરીને આત્માનો આશ્રય કરવા માટે ઉગ્ર પુરુષાર્થ કર.

આવો ધર્મ ક્યાંથી કાઢયો?

ભાઈ! ક્યાંયથી કાઢયો નથી, વસ્તુનું સ્વરૂપ જ અનાદિથી આ પ્રમાણે છે. વસ્તુસ્થિતિને સમજ્યા વિના લોકો ધર્મના નામે પોતાની મતિકલ્પનાથી કાંઈ ને કાંઈ માની બેઠા છે, રાગ ને બહારની ધમાલમાં ધર્મ સમજી રહ્યા છે. શુભરાગ તો બંધનું કારણ છે અને બહારની ધમાલમાં જે શરીર આદિની ક્રિયા છે તે તો જડની પરિણતિ છે. શું આત્મા પરની—જડની ક્રિયા કરી શકે?

એ પરનું કરી શકાતું ન હોય તો આપ ઉપદેશ શા માટે આપો છો? મંદિરો કેમ બંધાવો છો?

ભાઈ! ઉપદેશ કોણ આપે ને મંદિરો કોણ બનાવે? ઉપદેશ નીકળે છે તે તો ભાષાવર્ગણાની અવસ્થા છે. ભગવાન આત્મા ભાષાવર્ગણાનો કર્તા નથી અને ભગવાન આત્મામાંથી ભાષા આવતી નથી. જગતમાં સર્વત્ર રહેલા ભાષાવર્ગણાના પિંડ જીવની ભાષાપર્યાપ્તિનું નિમિત્ત પામીને સ્વયમેવ શબ્દોરૂપે પરિણમી જાય છે; એ પ્રમાણે પથ્થર, ઈંટ અને ચૂનાના રજકણો સ્વયમેવ મંદિરરૂપે ગોઠવાઈ જાય છે; તેનો કર્તા આત્મા નથી. પરનું કર્તાપણું નહિ પણ કેવળ જ્ઞાતા-દ્રષ્ટાપણું એ જ આત્માનું સ્વરૂપ છે. અહીં એમ કહે છે કે એવા આત્માને સાધવા માટે ઉગ્ર પુરુષાર્થ અને સૂક્ષ્મ ઉપયોગ છે. આ સાધનથી જ આત્મા પ્રગટ થાય છે.

—o—

# સુવર્ણપુરી સમાચાર :—

* પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની તપોભૂમિ અધ્યાત્મતીર્થધામ સુવર્ણપુરીમાં રાબેતા મુજબ નિયમિત ધાર્મિક કાર્યક્રમો ચાલે છે. સવારે જિનેન્દ્રપૂજા, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર અધ્યાત્મરસ સભર ટેપ-પ્રવચન અને ત્યાર બાદ શ્રી પ્રવચનસાર ઉપર પુરુષો માટેનો શિક્ષણવર્ગ, બપોરે બ્ર. શ્રી ચંદુભાઈનું શ્રી કળશટીકા ઉપર શાસ્ત્રવાંચન અને જિનેન્દ્રભક્તિ તથા સાંજે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર ભાવવાહી શૈલીમાં આધ્યાત્મિક ટેપ પ્રવચન—એ રીતે નિયમિત ધાર્મિક કાર્યક્રમો ચાલી રહ્યા છે.

* પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનું શારીરિક સ્વાસ્થ્ય યથાવત સાધારણ ઠીક છે. તેમના પાવન દર્શન અને તેઓની સ્વાનુભવરસનિર્ઝરણી અધ્યાત્મ તત્ત્વચર્ચાનો અનુપમ લાભ મુમુક્ષુસમાજને તેમ જ મહેમાનોને યથાસમય મળતો રહે છે.

* અષાડ સુદ સાતમ, સોમવાર તા. ૧૪-૭-૮૯ થી અષાડ સુદ ૧૫, સોમવાર તા. ૨૧-૭-૮૯ આઠ દિવસ શ્રી નંદીશ્વર આષ્ટાહ્નિકા શાશ્વતપર્વ નવપ્રતિષ્ઠિત શ્રી પંચમેરુનંદીશ્વર જિનાલયમાં 'શ્રી નંદીશ્વર બૃહદ મંડલવિધાનપૂજા' તથા ભક્તિના વિશેષ કાર્યક્રમ પૂર્વક ઊજવાયો હતો. બહારગામથી કેટલાક મુમુક્ષુઓ આ પ્રસંગનો લાભ લેવા આવેલ હતા.

* 'વીરશાસનજયંતી'—વિપુલાચલ પર શ્રી મહાવીર ભગવાનની પ્રથમ દેશનાનો ૨૫૪૨ મો વાર્ષિક પાવન પર્વ—અષાડ વદ એકમ, તા. ૨૨-૭-૮૯ ને મંગળવારના રોજ પૂજાભક્તિના વિશેષ કાર્યક્રમ પૂર્વક ઊજવવામાં આવ્યો હતો.

* ગતાંકમાં જણાવ્યા મુજબ પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ તા. ૨-૮-૮૯ થી શરૂ થઈ ગયો છે. દેશના વિભિન્ન પ્રાંતોમાંથી શિક્ષણેચ્છુ આ શિક્ષણવર્ગનો લાભ લેવા આવી રહ્યા છે. વિસ્તૃત જાણકારી આવતા અંકમાં આપવામાં આવશે.

❑

# * ઉગ્ર પુરુષાર્થ કર *

તું તને જો; જેવો તું છો તેવો જ તું પ્રગટ થઈશ. તું મોટો દેવાધિદેવ છો. તેની પ્રગટતા માટે ઉગ્ર પુરુષાર્થ અને સૂક્ષ્મ ઉપયોગ કર. ૩૦૫.

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાંથી ]

'તું તને જો; જેવો તું છો તેવો જ તું પ્રગટ થઈશ.'

'આ શરીર છે, આ રાગ છે' એમ જોવાયોગ્ય પર ચીજ તરફ તારી દૃષ્ટિ અનાદિથી છે, પણ તેનો જોનાર પોતે ભગવાન આત્મા શી ચીજ છે તેને જાણવાની કદી દરકાર કરી નથી. શરીર, વાણી, ઘટ, પટ વગેરે કોઈ પણ ચીજ જાણવામાં આવે ત્યાં જાણનાર એવું જ્ઞાન જ ઊર્ધ્વ રહીને જાણે છે, જ્ઞાન ન હોય તો જ્ઞેયને જાણે કોણ? 'ઘટ પટ આદિ જાણ તું, તેથી તેને માન; જાણનાર તે માન નહિ, કહીએ કેવું જ્ઞાન?' જાણનાર આને જાણે, આને જાણે, ઘટને જાણે, પટને જાણે, ધંધાને જાણે, શાસ્ત્રને જાણે —એમ કહેવું તે પર સાથેના સંબંધનું કથન હોવાથી વ્યવહાર છે; ત્યાં જણાનારને નહિ પણ જાણનારને જો. અતંરમાં ચૈતન્ય વિજ્ઞાનઘન પૂર્ણાનંદ પ્રભુ આત્મા બિરાજે છે તેને જો.

તારી વર્તમાન પર્યાયમાં તું અનાદિથી અજ્ઞાનભાવે પરને જ જુએ છે, હવે તારી જ્ઞાનનજર અંતરમાં વાળીને તું સુખનિધિ સત્‌ને—તારા જ્ઞાયક પ્રભુને—જો. 'મારાં નયણાંની આળસ રે! ન નિરખ્યા હરિને જરી.' જે મોહરાગદ્વેષ આદિ વિભાવભાવોને હરે–જીતે, વીતરાગતા પ્રગટ કરે એવો પોતાનો આત્મા જ 'હરિ' છે, પણ જોવાની આળસે તને તારું પરમ નિધાન કદી દૃષ્ટિગત થયું નહિ.

'પરમ નિધાન પ્રગટ મુખ આગળે, જગત ઉલ્લંઘી હો જાય; જિનેસર!
જ્યોતિ વિના જુઓ જગદીશની, અંધોઅંધ પલાય; જિનેસર!
ધર્મ જિનેસર ગાઉં રંગશું.'

રુચિ બહારની હોવાથી પરને જ જોવા રોકાઈ ગયો. શાસ્ત્રો વાંચીને જાણ્યું, બહિર્લક્ષી જ્ઞાન કર્યું, પણ અંદર સ્વસન્મુખ થઈને જાણનારને જાણ્યો નહિ. અહા! આવી વાતો છે.

જ્યાં વર્તમાન દશા ઉપર ઉપર તરે છે, અંદર ધ્રુવ સ્વભાવમાં જરા પણ પ્રતિષ્ઠા પામતી નથી એવા નિજ ત્રિકાળી જ્ઞાયક પ્રભુને જો. 'भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो!' જે જીવ ભૂતાર્થનો—વિભાવ તેમ જ ભેદ રહિત નિજ ધ્રુવ શુદ્ધ જ્ઞાયક દ્રવ્યનો—આશ્રય કરે છે તે જીવ નિશ્ચયથી સમ્યગ્દૃષ્ટિ છે. રાગ-દ્વેષ, પુણ્ય-પાપ ને

[ અનુસંધાન માટે જુઓ પૃષ્ઠ–૨૭ ]

પધારજો !.... ...જરૂર પધારજો !

અખિલભારતવર્ષીય હિન્દીભાષી મુમુક્ષુવૃંદ સુવર્ણપુરીમાં ઉજવશે

# * જન્મજયંતી–મહોત્સવ *

અત્યંત પ્રસન્નતાપૂર્વક જણાવવાનું કે મુમુક્ષુ સમાજના તારણહાર, સ્વાનુભૂતિ-પ્રધાન અધ્યાત્મમાર્ગના પ્રકાશક, આપણા પરમ પૂજ્ય શ્રી કાનજીસ્વામીના પરમભક્ત, સ્વાનુભવવિભૂષિત ધર્મરત્ન પ્રશમમૂર્તિ પૂજ્ય બહેન શ્રી ચંપાબહેનની ૭૩મી જન્મ-જયંતી ( શ્રવણ વદ બીજ )ના ઉપલક્ષમાં તા. ૧૭-૮-૮૬ રવિવારથી તા. ૨૧-૮-૮૬ ગુરુવાર ( શ્રાવણ વદ બીજ ) સુધી પાંચ દિવસનો ઉત્સવ ઉજવવાનું અનુપમ સૌભાગ્ય અમને—અખિલભારતવર્ષીય હિન્દીભાષી મુમુક્ષુવૃંદને—પ્રાપ્ત થયું છે. આ પવિત્ર ઉત્સવ 'શ્રી ચોંસઠઋદ્ધિ મંડલવિધાન પૂજા', પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક વિડિયો-પ્રવચન, સ્વાનુભવમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની તાત્ત્વિક વિડિયો-ચર્ચા, સમાગત વિદ્વાનોના શાસ્ત્રપ્રવચન, નંદીશ્વર-પંચકલ્યાણકના વિડિયો-ટેપદર્શન, જિનેન્દ્ર-ભક્તિ, તા. ૨-૮-૮૬ થી તા. ૨૧-૮-૮૬ સુધી ચાલનારો ૨૦ દિવસનો પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ આદિ અનેકવિધ મનોરમ કાર્યક્રમ પૂર્વક ઉજવવામાં આવશે. સમાગત મહેમાનો માટે ભોજનવ્યવસ્થા નિ:શુલ્ક રાખવામાં આવી છે. બધા સાધર્મીઓને આ અનુપમ અવસરનો લાભ લેવા માટે હાર્દિક અનુરોધ છે. —નિવેદક

અખિલભારતવર્ષીય હિન્દીભાષી મુમુક્ષુવૃંદ

Licence No. 3
'Licensed to post
without prepayment'

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust,
SONGAD–364 250–INDIA

સંપાદક : નાગરદાસ બી. મોદી, સોનગઢ
મુદ્રક : અજિત મુદ્રણાલય–સોનગઢ
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મં. ટ્રસ્ટ, સોનગઢ

To,